
# બિંદુ

**(બાળગીતોનો સંગ્રહ)**




# - યોગેશ્વર

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન


**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*




e-book

Title : Bindu
Language : Gujarati
Version : 1.0
Pages : 124
Created : June 1st 2013


*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## પ્રાસંગિક



બિંદુ. નામ નાનું પણ કામ કેટલું મોટું ? ગુણ કેટલા મોટા ? મેઘનું બિંદુ હોય છે ઘણું નાનું પરંતુ એવાં અનેક બિંદુઓ એકઠાં થઈને ધરતીને શીતળ કરે છે, સુખશાંતિ ધરે છે, પૃથ્વીને સસ્યશ્યામલા બનાવે છે. એવું જ એક જીવનબિંદુ બિંદુના સ્વરૂપે સાકાર બન્યું.

બિંદુ નાની ઉંમરે એક અકલ્પ્ય અકસ્માતનો ભોગ બનીને આ દ્રશ્ય સંસારમાંથી એકાએક વિદાય થઈ. એનાં અરમાનો મનમાં જ રહી ગયાં. એ ખૂબ જ સરળ, સમજુ, સ્નેહાળ, સેવાભાવી ને શાંત સ્વભાવની હતી. ફૂલ જતું રહ્યું; ફોરમ રહી ગઈ. દીપિકા શાંત બની, એની તેજરેખા રહી ગઈ. વાદળી વરસી ગઈ; મેઘબિંદુ રહી ગયાં.

બિંદુને બાળકો પ્રિય હતાં. એ પોતે હજુ બાલિકા જ હતી. એના પ્રિય માતાપિતા શ્રી નારાયણભાઈ જાની તથા બેન સરસ્વતીએ એ વાતને યાદ રાખીને, એની સંસ્મૃતિ રૂપે બિંદુ બાળગીતોને બહાર પાડવાનો સંકલ્પ કર્યો. એમનો સંકલ્પ સ્તુત્ય છે અને એમને માટે ઉપકારક ઠરશે.

વરસો પહેલાં મારો 'રશ્મિ' બાળસંગ્રહ બહાર પડેલો. કેટલાય વખતથી એ અપ્રાપ્ય હતો. એનાં ગીતોને પણ બિંદુ પુસ્તકમાં સમાવી લેવામાં આવ્યાં છે.

આશા છે કે બિંદુ ને સૌને આ ગીતો ગમશે.

બિંદુનો આત્મા જ્યાં ને જે સ્વરૂપમાં હોય ત્યાં ને તે સ્વરૂપમાં ઉત્તરોત્તર અભ્યુદય પામે, સુખશાંતિ પામે, અને મુક્તિ તથા પૂર્ણતાની મહાયાત્રામાં નિત્યનિરંતર આગળ વધે, એવું ઈચ્છું છું. એને આપણે અનેક શુભેચ્છાઓ પાઠવીએ.

**- યોગેશ્વર**

(૨૭-૬-૮૧, શનિવાર)

* * *

# બિંદુને સ્મૃતિ ને પ્રેમાંજલિ

<u>સ્વ. બિન્દુ નારાયણ જાની</u>

(જન્મ : ૨-૨-૧૯૫૫ મૃત્યુ: ૨૭-૧-૧૯૭૬)

બિંદુ. કેવું સરસ નામ !

મારા કુટુંબમાં જે બીજી પુત્રી જન્મી તેનું નામ મેં બિંદુ રાખેલું. બિંદુ જન્મી ત્યારે ખૂબ નાજુક ને નબળી હતી. માત્ર સાડા ત્રણ પાઉન્ડની. છતાં જીવી. એના જીવનની બીજી બે ઘાતો એના બીજા વર્ષમાં ને નવમાં વર્ષમાં આવી. પરંતુ તે વખતે પણ આયુષ્યના બળે એ જીવી ગઈ. આમ ત્રણ ત્રણ વાર પરાજીત થયેલા મૃત્યુએ એનો પીછો ન છોડ્યો, ને એને છેવટે એ યુવાનીમાં પ્રવેશતી હતી ત્યારે જ ભાવનગરથી અમદાવાદ જતી એસ.ટી.બસના અકસ્માતમાં ઉપાડી ગયું. એ પણ કેવું વિચિત્ર ! આખી બસમાં બેઠેલા સીત્તેર કરતાં વધુ ઉતારૂઓમાંથી કાળ એક એને જ ભરખી ગયો ! માનવ ઉપવનના બગીચાનું જાણે અતિસુંદર ફૂલ કરાલ કાળે ચૂંટી લીધું ! એ દિવસ હતો ૨૭ જાન્યુ. ૧૯૭૬નો.

આજે બિંદુ અમારી પાસે નથી. છતાં એ પોતાની ઢગલાબંધ સ્મૃતિઓ એના અનેક સદગુણો ને વિકસિત વ્યક્તિત્વનાં કારણે મૂકી ગઈ છે. એમને યાદ કરતાં જ આજે એની છબી આંખ આગળ ખડી થઈ જાય છે. અને એ સદ્‌ગુણો પણ કેવા !

બિંદુના વ્યક્તિત્વનાં અનેકવિધ પાસાં હતાં, એમાં સૌથી શ્રેષ્ઠ પાસુ સરલતાનું અને કોઈની પણ મુશ્કેલીમાં સહભાગી થવા તુરત જ જોડાઈ જવાની એની અનોખી વૃત્તિનું. એ એટલી જ સાદી ને નિરાડંબર હતી. પોતે છીએ તેવાં જ દેખાવામાં એને કોઈ સંકોચ ન થતો. શરમ ન લાગતી, યુવાન વયમાં આ ઘણી મોટી વાત કહેવાય. અમદાવાદની યુનિવર્સીટી હોસ્ટેલમાં એ માત્ર ચાર જોડી કપડાંથી જ ચલાવતી. કદીક હું તેને થોડાં વધુ સારાં કપડાં રાખવા કહેતો તો તે હસીને કહેતી ‘કાકા, હું ત્યાં ભણવા રહી છું, નહીં કે મારી જાતના પ્રદર્શન માટે.’

એની હોસ્ટેલનાં સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી ભદ્રાબેને મને એકવાર કહેલું, ‘હોસ્ટેલમાં અનુસ્નાતકનો અભ્યાસ કરતી બસો જેટલી છોકરીઓ છે. પરંતુ બિંદુ બધાંથી સાવ અનોખી છે. એ શ્રાવણ માસમાં એક ટાઈમ જમે ને દર સોમવારે હોસ્ટેલથી ખાસ્સા દૂર વસ્ત્રાપુરના મહાદેવે દુધનો અભિષેક કરવા જતી, સાથે મનેય લઈ જતી. બિંદુનો ટાઈમ એટલે ઘડિયાળના આઠના ટકોરે આવી ચડે એટલે એમાં પાંચ મિનિટનોય ફેર ન હોય. ભારે નિયમીત. આંખો બંધ કરી મહિમ્ન પાઠ સાથે તે દૂધનો અભિષેક એકચિત્તે કરે. આજુબાજુ જોવાનું જ નહિ. મંદિરનાં દર્શનાથી એને જોઈ રહેતાં.’

એની હોસ્ટેલના વાર્ષિક દિનની ઉજવણીમાં એણે ખૂબ પરિશ્રમ કરી ગરબા ને રાસના કાર્યક્રમનું સરસ આયોજન કર્યું. તે ખૂબ સફળ થયું એટલું જ નહિ, તેથી હોસ્ટેલની બધી જ બહેનોમાં એ ખૂબ લોકપ્રિય બની ગઈ.

આ ઉમદા સદભાવનું એક સાહજીક પરિણામ એ આવ્યું કે એનું આકસ્મિક મૃત્યુ સહુને ચોધાર આંસુએ રડાવી ગયું; એટલું જ નહિ પરંતુ એનું એક સુંદર તૈલચિત્ર સ્મૃતિરૂપે હોસ્ટેલના કોમનરૂમમાં મૂકવાની પ્રેરણા સહુને દેતું ગયું. આજે પણ હોસ્ટેલના કોમનરૂમમાં મૂક સાક્ષી બની હોસ્ટેલની પ્રવૃત્તિ જાણે એ નીરખી રહી છે !

ભાવનગરની ખ્યાતનામ સાંસ્કૃતિક સંસ્થા ઘોઘાસર્કલ મિત્ર મંડળની એ પ્રતિભાવાન સભ્ય હતી. એ સંસ્થા સાથે એની એટલી બધી આત્મીયતા થઈ ગયેલી કે તેના વિષે કોઈ સહેજ પણ ઘસાતું બોલે તો તેનો તે તુર્ત જ પ્રતિકાર કરતી. પછી સામે પક્ષે ગમે તેવી મોટી વ્યક્તિ ભલેને હોય !

આ સંસ્થાના કાર્યક્રમો માટે તે અમદાવાદ સુરત, વલસાડ, મુંબઈ, કલકત્તા, જમશેદપુર-ને એશિયા '૭૨માં ગુજરાત સરકાર તરફથી ઉપરોક્ત સંસ્થાના કલાકાર સમુદાયમાં દિલ્હી ગયેલી. પરદેશી મુસાફરોએ અને દીલ્હી ટી.વી. કેન્દ્રે એમની ફિલ્મ પણ ઉતારેલી.

બિંદુ ખૂબ સરળ. એના મનમાં કદી કોઈ વિચારોનું ધમસાણ નહિ. સુવે એટલે બે મિનિટમાં જ ઊંઘી જાય. વળી પોતાના કામમાં એ એટલી જ ચોક્કસ. આળસનું એનામાં નામ સુદ્ધાં નહિ. જે અગિયારસના દિવસે એનું મૃત્યુ થયું તે દિવસે પણ વહેલી સવારે ઊઠી એણે દસ જેટલાં ફુલસ્કેપ કાગળોની હોમ સાયન્સની નોંધ તૈયાર કરેલી. બી.એ. માં તે ફર્સ્ટ કલાસ પાસ થયેલી. એની ભાવના એમ.એ. માં પણ ફર્સ્ટ કલાસ મેળવવાની હતી. એટલે ભારે પુરૂષાર્થ કરતી. ફર્સ્ટ કલાસ આવે તો આગળ ભણવા દેવાની એણે મારી સાથે શરત કરેલી. અનેક મુશ્કેલીઓ છતાં મેં તે પૂરી કરી. પરંતુ ત્યારે ક્યાં ખબર હતી-આગળનો અભ્યાસ જ એના મૃત્યુનું નિમિત્ત બનશે ! ઈશ્વરની અકળ ગતિને કોણ જાણી શક્યું છે !

અમારા માટે એ હાથપગ હતી. દર પંદર દિવસે અમદાવાદથી આવે, અને અમારું જે કાંઈ કામ કરવાનું હોય તે ચીવટપૂર્વક પૂરું કરે, ત્યારે જ ઝંપે.

પરમ પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી પ્રત્યે એને અપાર પ્રેમ ને પૂજ્યભાવ. એમનાં કેટલાંય સ્તોત્રો ને ભજનો એને મોઢે. સમય મળે ત્યારે એ ગૂંજ્યાં જ કરે.

પૂ.શ્રી અમારા ઘરે ઉતરે ત્યારે તેમની વ્યવસ્થાની જવાબદારી જાણે બિંદુની જ.

મેં એકવાર એને પૂછ્યું 'બેન, અમદાવાદ જતાં બસમાં ભારે કંટાળો આવે નહિ વારું !

એણે તુર્ત જ કહ્યું, 'ના રે ના, હું તો બસમાં બેસું એટલે દત્ત બાવનીનો પાઠ કરવા માંડું. બાવન પાઠ કરું ત્યાં તો અમદાવાદ આવી જાય, વચ્ચે ઊઠું તોને ! એટલે મને કદી કંટાળો આવતો જ નથી.'

બિંદુનો સ્વભાવ ભારે ઉદાર. કદી કોઈ વસ્તુ ઉપર આસક્તિ જ નહિ. કોઈપણ સારી વસ્તુ આપું તો તરત જ કહે, 'કાકા, મોટી બેનને જ દઈ દેજોને !'

તો મોટી બેન પણ એવી જ. એને જ્યારે પૂછું ત્યારે તે કહે, 'બિંદુને જ એ આપી દેજોને.' બિંદુને કંઈ ને કંઈ નિમિત્ત ઊભું કરી એ હંમેશાં આપતી જ રહે. એમનો પરસ્પરનો ભાવ જોઈ અમને ખૂબ પ્રસન્નતા થતી. થતું, આ બન્ને ખરેખર આ દુનિયાના જીવ નથી.

બિંદુમાં હિમ્મત પણ ઘણી. એક પ્રસંગે તાત્કાલિક મુંબઈ જવાનો પ્રસંગ ઊભો થયો. એનાં બાની શારીરિક સ્વસ્થતા ન હતી. એટલે અમે વિચારમાં પડ્યા. ત્યાં તો બિંદુ બોલી ઊઠી, "તમે ચિન્તા શું કામ કરો

છો? હું આજે જ મુંબઈ ઉપડી જાઉં છું. મુંબઈ પહોંચી તમને તુરત જ ટેલિફોન કરી દઈશ. તે વખતે બિંદુ વીસ વર્ષની પરંતુ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તે તો બેગ ભરીને તૈયાર થઈ ગઈ, ને બીજે દિવસે સવારે મુંબઈ પહોંચી ગઈ ! એણે વગર રીઝર્વેશને કેમ પહોંચાશે, કે એકલાં શી રીતે જવાશે, કશો જ વિચાર ન કર્યો. કામ કરવું એટલે કરવું જ એ બિંદુનો સંકલ્પ.

બિંદુ જે છેલ્લા શબ્દો બોલેલી તે આજે ય મારા સ્મરણપટ ઉપર અંકાયેલા છે. બિંદુના દસ માસના અમદાવાદના નિવાસ દરમ્યાન હું ક્યારેય એને મૂકવા નહિ ગયેલો. પરંતુ તે દિવસે તે મને પરાણે ખેંચી ગઈ. જાણે આખરી વિદાય આપવા જ એ મને લઈ ગઈ. બસમાં બેઠાં પછી તે પાછી ઉતરી મને પગે લાગી. કહે 'તા. ૨ ફેબ્રુઆરી મારો જન્મ દિવસ છે. તે દિવસે હું તમારી પાસે નહિ હોંઉ એટલે આજે આશીર્વાદ આપો. અમે એના માથે હાથ મૂક્યો, કહ્યું, ‘અમારા આશીષ તારી સાથે જ છે.’ પછી મેં કહ્યું, ‘બિંદુ, તું આટલું સારું ભણે પછી કોઈ સારો છોકરો શોધવાની મને બેન તકલીફ પડે.’

તુરત જ એણે હસીને કહ્યું. ‘કાકા, મારી તમે ચિંતા ન કરતા. મારે પરણવું જ નથી છતાં એક વાત કહું. ગરીબમાં ગરીબ માણસ સાથે પણ મને પરણાવશો, તો સુખી કેમ થવું તે મને આવડે છે, પછી ચિંતા શી?’

એનામાં આટલી બધી સમજ હશે, એની મને કલ્પના પણ નહિ ! હું એને બસમાં ઝડપથી ચઢતી જોઈ રહ્યો. અમારે માટે એ એનું અંતિમ દર્શન બની ગયું ! એની સ્મૃતિ આંખો ને હૃદયમાં સદાકાળ માટે જડાઈ ગઈ. જીવતી જાગતી, કૂદતી, રાસ ગરબા લેતી બિંદુ માત્ર એક કલાક પછી જ-સદાકાળ માટે છબી બનીને દિવાલ ઉપર ટીંગાઈ ગઈ ! પ્રભુની કેવી લીલા !

એના આકસ્મિક મૃત્યુ પછી અપૂર્ણ રહેલી ઈચ્છાઓ ને ભાવનાઓની પૂર્તિમાં પરમ પૂ. શ્રી યોગેશ્વરજીએ અમને જે સાંત્વના ને આશ્વાસન પૂરા પાડ્યાં છે, તે બદલ અમારો સહુ પરિવાર એમનો ઋણી છે. મૃત્યુ પછી માણસના સૂક્ષ્મ દેહ વિષેની ઘણી બધી સમજ- બિંદુએ પૂ. શ્રી યોગેશ્વરજી દ્વારા અમને પૂરી પાડી છે. એની જે જે ખ્વાહિશો હતી, તે તે એની ભાવના પ્રમાણે પૂરી કરવાનો અમે નમ્ર પુરૂષાર્થ કર્યો છે. એ મૃતાત્માને કોઈપણ પ્રકારનું દુઃખ કે બંધન ન થાય એ એક જ અમારી ભાવના હતી. આ વાતો એટલી રહસ્યમય ને વિસ્તૃત છે કે અહીં એની ચર્ચા અસ્થાને છે.

બિંદુને સૌથી પ્રિય બાળકો હતાં. એ ગમે તેવા નાના બાળક સાથે એની વયની થઈને રમી શકતી. એ એની નિર્દોષતા ને સહજ સરલતાને આભારી હતું. ઘરના ભાઈબહેનનાં બાળકો બિંદુને એટલાં બધાં વળગેલાં રહેતાં કે કદીક એ બોલી ઊઠતી ‘અરે જુઓ તો ખરા ! વગર બાળકે મારે કેટલાંની મા બનવું !’ એની એવી વાત સાંભળી અમે હસી પડતા.

એટલે એવાં બાળકોને પ્રિય એવાં બાળગીતોનો આ નાનકડો સંગ્રહ, એની જ ઈચ્છા પ્રમાણે અમે પ્રસિદ્ધ કરતાં સંતોષ અનુભવીએ છીએ. પૂ. શ્રી યોગેશ્વરજીએ બિંદુ નામનો આ નાનકડો ગીતસંગ્રહ એની સ્મૃતિમાં છાપવા માટે આપવા બદલ એમના અહેસાનમંદ છીએ.

મહાપુરૂષો જીવન દરમ્યાન તો તમને સંસારના બંધનોમાંથી છૂટવા માટે માર્ગો ચીંધે છે, એટલું જ નહિ પણ ઉચ્ચ કોટિના સંતો પોતાના પ્રિય ભક્તોની કાળજી મૃત્યુ પછી પણ લેતા રહે છે. બિંદુ એનું એક નાનકડું ઉદાહરણ છે.

જ્યાં અને જે સ્વરૂપે એનો આત્મા હોય, ત્યાંથી તે ઉર્ધ્વગતિ પામી, પરમની પ્રાપ્તિ કરે એ જ પ્રાર્થના પ્રભુને કરીને વિરમીએ છીએ.

સામાન્ય રીતે સંતાનો પોતાનાં વડીલ માબાપોને શ્રદ્ધાંજલિ આપતાં હોય છે. પરંતુ બિંદુ માટે એથી ઊલટું થયું છે. અમારે વડીલોએ એના આત્માને શ્રદ્ધા ને પ્રેમાંજલિ આપવી પડે તે કેવું ? પણ વાસ્તવિક્તા ઘણીવાર કલ્પના કરતાંય કઠોર હોય છે. માણસે દૈવને આધીન થઈ એ સ્વીકારવી જ રહી.

આટલું લખતાં બિંદુની સ્મૃતિમાં મારી આંખો કેટલીય વાર ચૂઈ છે. એ જ એની પ્રેમપૂર્ણ અંજલિ શું નથી બની ગઈ !

**- નારાયણ હ. જાની તથા પરિવારનાં સર્વે.**

* * *

## અનુક્રમણિકા

૧. પરમાત્માને પ્રણામ
૨. પંખી જેવી પાંખ
૩. ઝરણાં
૪. હરણની આંખ
૫. કેવા મજાનાં ફૂલ
૬. આમંત્રણ
૭. બાળકની ભાવના
૮. ભારતકાજ, ભારતકાજ
૯. મેહુલિયો વરસી રહ્યો
૧૦. અણસલાંને
૧૧. પંખીડાને
૧૨. સાગરને
૧૩. મયૂરને
૧૪. કમળ
૧૫. સાગરનું ગાન
૧૬. એક ઝરણ જોયું
૧૭. બંસીના સ્વર
૧૮. પ્રભુનાં વહાલાં બાલો
૧૯. વરસાદનાં ફોરાંઓ
૨૦. હીંચકાને બાંધ્યો
૨૧. હોડી હંકાર
૨૨. વર્ષાઋતુનો વાય વાયરો
૨૩. ઘડિયાળ
૨૪. નાનાં નાનાં બાલ
૨૫. પ્રેમળ જાગો જ્યોત
૨૬. ઘેલી ગોવાલણ
૨૭. અંતરઆંખડી દે
૨૮. ઊંચે ને નીચે
૨૯. મારી ભૂમિ
૩૦. ચાલોને ફૂલડાં લેવાને
૩૧. ઉષા: શહેરની ને ગામની.
૩૨. કોણ
૩૩. સૌને માટે પ્રેમ
૩૪. ચંદ્રમાને કે'જો
૩૫. સ્વચ્છતાની ટેવ
૩૬. સેવાની ઈચ્છા
૩૭. વરસે વરસાદ
૩૮. મારો દેશ
૩૯. હિંમત ન હારવાના
૪૦. ઝરણની ભાવના
૪૧. ફૂલવાડી
૪૨. હાથે મહેનત કરો
૪૩. શું ગાઉં
૪૪. ઘમ્મર ઘમ
૪૫. પીંજરના સિંહને
૪૬. કેવી મજા
૪૭. પ્રભુની જમીન
૪૮. મારો દેશ
૪૯. દરિયાને જોયો
૫૦. નાનું સરખું ફૂલ
૫૧. નદી
૫૨. પતંગિયાને
૫૩. ગોવાલણી ને કનૈયો
૫૪. માતા હે ગુજરાતની
૫૫. છે આવો એક દેશ
૫૬. સેવા કરીશું
૫૭. દેશને પ્રણામ
૫૮. સ્વતંત્રતા
૫૯. સ્વતંત્રતાનું રક્ષણ
૬૦. સ્વચ્છતા
૬૧. માનવતન
૬૨. શાળા વિષે
૬૩. હું છું કાન
૬૪. ધન્ય જિંદગી
૬૫. શું છોડી દેશો
૬૬. ઉત્તમતાનો સાર
૬૭. સૌથી શું પ્યારું
૬૮. ખેડૂતની સેવા
૬૯. કોસ
૭૦. ધરતીનાં ફૂલ
૭૧. કોયલ,એવું બોલ !
૭૨. પોપટને
૭૩. મોરની કળા
૭૪. સારસ પક્ષી
૭૫. ચકલી
૭૬. હે ખિસકોલી !
૭૭. મેનાપોપટ
૭૮. અમારો ભારત દેશ
૭૯. મુસાફરી
૮૦. ચાંદલિયો
૮૧. ગુલાબનું ફૂલ
૮૨. રાતરાણી
૮૩. સૌથી સારું
૮૪. લડાઈ કેમ કરે છે?
૮૫. લડવાને બદલે
૮૬. ફુવારા, ફુવારા
૮૭. ઈશ્વર, એવું દે !

૮૮. વહેલી સવાર
૮૯. ગુરૂને વંદન
૯૦. પ્રાર્થના
૯૧. ઈશ્વરની સ્તુતિ
૯૨. પરમાત્મા
૯૩. જો શક્તિ દે
૯૪. કમળ
૯૫. નદીઓ
૯૬. ઈશ્વરની દુનિયા
૯૭. પર્વતમાળા
૯૮. વાંસળી એવી વગાડો
૯૯. વસંત કેવી
૧૦૦. વર્ષા
૧૦૧. આઝાદી અમર રહે
૧૦૨. દેશને વંદન
૧૦૩. દરિયાનું પાણી
૧૦૪. દીવો
૧૦૫. તારલિયા
૧૦૬. ગીતડાં ગાઓ


* * *

## [૧] પરમાત્માને પ્રણામ

પ્રભાત કાળે પહેલવહેલાં, પ્રણમું છું પરમાત્માને;
આખી પૃથ્વી મુગ્ધ બનીને, બેઠી છે જેના ધ્યાને.

જ્યોત જેમની જડચેતનમાં, જલી રહી જીવન દેતી;
સ્પર્શ જેમનો પામીને આ સૂતી રસ્તાની રેતી.

ફૂલમહીં ફોરમ ભરનારા, કમળોને જે કાંતિ ધરે;
પંખીને દે પાંખ મજાની, કોકિલકંઠે ચિત્તે હરે.

કળા મોરની કરી કરીને, માનવને કામણ કરતાં;
ઉષા અને સંધ્યાના રંગે; જાદુ જિંદગીમાં ભરતા.

નદી વળી ઝરણાંના જળમાં, સ્વાદ ભરી જે રહે વહી;
સાગરનાં મોજાંમાં વાતો, સ્નેહભરેલી રહે કહી.

પર્વત જેનું ગૌરવ ગાતા, સૂર્ય તપે જેના બળથી;
ચંદ્ર ચમકતો, તેમ તારલા ટમકે છે એના રસથી.

વાદળ જેના મહિમા જેવાં, આકાશે ફેરા ફરતાં;
જેના અમૃતને વરસાદે વરસાવે પીડા હરતાં.

જેના ભંડારેથી લેતી, ભિન્નભિન્ન ઋતુઓ ધનને,
ધરતીની સેવાને માટે, રજૂ કરે છે મુક્ત મને.

દરેકના દેહે વસનારા, ચેતનના ધરનાર વળી;
દેહ તજે તે તો જીવનનો બાગ રહેતો બધો મરી.

સત્ય તેમ સુંદરતામાં જે, મંગલતામાં રમી રહ્યા,
સત્ય તેમ સુંદર ને મંગલ, તેથી તે પરમાત્મ કહ્યા.

પ્રણામ તે પરમાત્માને, હું વારંવાર અનેક કરું;
જીવન મારું સેવા માટે, હસતાં હસતાં આજ ધરું.

બને જિંદગી સત્યમયી ને, સુંદર તેમજ મંગલ આ;
અર્પણ બીજાને કાજે હો, બીજી કોઈ ઈચ્છા ના.

* * *

## [૨] પંખી જેવી પાંખ

પંખી જેવી પાંખ મને જો નાની મળી જાય;
આનંદ કહો કેવો તો તો મારે હૈયે થાય ?
... પંખી જેવી પાંખ.

અચરજ લાગે માનવ સૌને, મારે ઉત્સવ થાય,
મજા ઊડવાની ખૂબ પડે, ઊડું ઉર જ્યાં ચ્હાય.
... પંખી જેવી પાંખ.

નવા નવા દેશો દેખું, જ્યાં નવા વાયરા વાય;
જીવન આખું સેવામાં ને વહી સ્નેહમાં જાય.
...પંખી જેવી પાંખ

તારા સાથે વાત કરું, ને ગગને રાખું પાય;
દૂર જઈને જોઉં કેવી દુનિયા આ દેખાય ?
... પંખી જેવી પાંખ

ગીત સુણાવું સૌને મારાં, પ્રેમ બધે ફેલાય,
શાંતિતણી છોળો ઊડે, ને રંગ બધે રેલાય.
... પંખી જેવી પાંખ

માનવના સૌ ક્લેશ શમાવું, ઠારું સૌની લ્હાય;
ભ્રાતૃભાવના સંદેશ દઉં, ટાળું ભેદ બધાય.
...પંખી જેવી પાંખ

* * *

## [૩] ઝરણાં

નાનાં નાનાં ઝરણાં કેવાં જુઓ જંગલે દોડે?
મીઠા સ્વરથી જાય દોડતાં, ભરેલ કોઈ કોડે.
... નાનાં નાનાં.

પર્વતમાંથી પ્રકટ થઈને, આગળ પાછળ દોડે;
કેવાં લાગે છે સુંદર એ, ચઢ્યાં છે બધાં હોડે.
... નાનાં નાનાં.

પવન એમને જોતાં કેવી લહરી મીઠી છોડે?
પકડવા કરે પ્રયાસ તો પણ, ઝરણાં વેગે દોડે.
... નાનાં નાનાં.

પકડ્યાં ના પકડાય કેમે, સૂતાં ધરતી સોડે;
જમીનના જૂદા ભાગોને, પાણીથી એ જોડે.
... નાનાં નાનાં.

આ જીવન છે ચંચલ ટૂંકું, ક્ષણક્ષણ તમને છોડે;
કરવાનું તે કામ કરી લો, એમ કહેતાં દોડે.
... નાનાં નાનાં.

* * *

## [૪] હરણની આંખ

ઓ હરણ, કેવી આંખ તારી, આંખ હરણ, તારી ?

ભાવ ભરેલી, મધુ મઢેલી, કોમળ, રસવાળી;
પ્રેમ થકી પલળેલી, જાણે, કરૂણાની ક્યારી.
... ઓ હરણ, કેવી.

ઘડનારો છે કોણ એહનો ? કેવી છે ન્યારી ?
કલ્પના કરી કોણે એની ? કેવી છે સારી ?
... ઓ હરણ, કેવી.

જોતાં વેંત જ હૈયું નાચે, ભાવ થકી ભારી;
રગરગ રંગાય વળી રસથી, સઘળીયે મારી.
... ઓ હરણ, કેવી.

અંગ જૂદાં, પ્રાણનો પણ ભેદ નથી ભારી;
આંખલડી જોઈને મારો પ્રાણ જાય વારી.
... ઓ હરણ, કેવી.

* * *

## [૫] કેવા મજાનાં ફૂલ

કેવા મજાનાં ફૂલ, ફૂલ આ,
કેવા મજાનાં ફૂલ ?

પીળાં ને લાલ તેમ ખીલ્યાં સફેદ આ,
હારબંધ કેવાં ફૂલ ?
આંખલડી ખોલીને જોઈ બધાં રહ્યાં,
આનંદમાં મશગુલ.

ફૂલ આ, કેવાં મજાના ફૂલ ?

હૈયામાં હેત કેવાં ઉભરાઈ ઊઠ્યાં,
ગંધ છે એમની અમૂલ.
સુંદરતા એમની, કોમળતા કેવી ?
રચનામાં છે નહીં ભૂલ.

ફૂલ આ, કેવા મજાનાં ફૂલ ?

કેવું, જો ફૂલના જેવાં રહીએ,
હરદમ અમે યે પ્રફૂલ્લ ?

ફૂલ આ, કેવા મજાનાં ફૂલ ?

* * *

## [૬] આમંત્રણ

ચાંદલિયા આવ, ચાંદલિયા આવ,
હેઠે અમારી સાથ રમવાને આવ !

તારલિયા આવ, તારલિયા આવ,
હેઠે અમારી સાથ જમવાને આવ !

વાદલડી આવ, વાદલડી આવ,
હેઠે અમારી સાથ સરવાને આવ !

આભલિયા આવ, આભલિયા આવ,
હેઠે અમારી સાથ ઠરવાને આવ !

વીજલડી આવ, વીજલડી આવ,
હેઠે અમારી સાથ પડવાને આવ !

વર્ષા, તું આવ, વર્ષા, તું આવ,
પૃથ્વીને પ્રેમથી પલાળવાને આવ !

ઈન્દ્રધનુ આવ, ઈન્દ્રધનુ આવ,
હૈયાને રંગથકી રંગવાને આવ !

સૂરજ, તું આવ, સૂરજ, તું આવ,
હૈયેથી અંધારું ટાળવાને આવ !


* * *

## [૭] બાળકની ભાવના

અલૌકિક હશે મુખડું કેવું ઈશ્વરનું મારા?
એ મુખડાને જોવા ઝંખું લઈ પ્રેમધારા.
... અલૌકિક.

કેવી આંખ હશે એ વિભુની, તેજભરી ન્યારી?
સુખની વીણા વાગે એમાં, શાંતિભરી સારી.
... અલૌકિક.

પ્રકાશિત હશે કાયા કેવી ? દિવ્ય હશે વાણી;
જોતાંવેંત જ નમું એમને, પરમાત્મા જાણી.
... અલૌકિક.



વંદન કરતાં કરું પ્રાર્થના, દર્દ મટાડી દો;
સંસારમહીં સઘળે સુખ ને શાંતિ સનાતન હો.
... અલૌકિક.

ત્યારે પ્રભુજી હસી રહેશે, હાસ્ય હશે કેવું?
દ્રશ્ય ખરેખર હશે અનેરું, એ જોવાં જેવું.
... અલૌકિક.

* * *

## [૮] ભારતકાજ, ભારતકાજ

સેવાભાવ સદા રાખીશું, સત્ય વાણી ભાખીશું,
દ્વાર હૃદયનાં ના વાખીશું, ભારતકાજ, ભારતકાજ.

સંપ અને સહકાર કરીશું, ભેદભાવ સઘળાય હરીશું,
સ્વાર્થ ગણીને ગૌણ ફરીશું, ભારતકાજ, ભારતકાજ.

શોધ નવી ને નવી કરીશું, નવો રંગ સૌનેય ધરીશું,
ભ્રાતૃભાવથી પ્રાણ ભરીશું, ભારતકાજ, ભારતકાજ.

દુર્ગુણ ખંખેરી નાખીશું, કર્મોને ચોખ્ખા રાખીશું,
શ્રમનો સ્વાદ સદા રાખીશું, ભારતકાજ, ભારતકાજ.

* * *

## [૯] મેહુલિયો વરસી રહ્યો

આજ પૃથ્વીને પ્રાણ નવો દેતાં
મેહુલિયો વરસી રહ્યો, હે ... વરસી રહ્યો !

અમૃતનાં બિંદુ કેવાં વરસે છે વ્યોમથી ?
ઉપકાર ભૂલી શકાય કેમ ભોમથી ?
ઊંડી શાંતિને દેનાર એવો,
મેહુલિયો વરસી રહ્યો, હે ... વરસી રહ્યો !

ચેતનથી છલકાતો, રસના ભંડારશો,
આશિષશી દિવ્ય કોઈ, સુખના અવતારશો;
એ તો પ્રભુની પ્રેમની ધાર જેવો,
મેહુલિયો વરસી રહ્યો, હે ... વરસી રહ્યો !

ડોલી ઊઠ્યાં વૃક્ષ વહાલથી એનાં,
પંખીડાં ભાવભર્યાં શાંત રહે શેનાં ?
કરે ગડગડાટ ગગનમાં કેવો,
મેહુલિયો વરસી રહ્યો, હે ... વરસી રહ્યો !

ચમકે છે વીજળી, આવી ને જાય છે,
જોઈને અંતરને આનંદ થાય છે;
એ તો સાચે છે જોવા જેવો,
મેહુલિયો વરસી રહ્યો, હે ... વરસી રહ્યો !

અમૃતનાં બિંદુ એનાં ઝીલવાને આવો,
નાચીનાચીને એની સાથે કૈં ગાઓ;
એને ધન્યવાદ ઘટે ખરે દેવો,
મેહુલિયો વરસી રહ્યો, હે...વરસી રહ્યો !

આજ પૃથ્વીને પ્રાણ નવો દેતાં,
મેહુલિયો વરસી રહ્યો, હે...વરસી રહ્યો !
વાત અંતરની નવી નવી કે'તો,
મેહુલિયો વરસી રહ્યો, હે...વરસી રહ્યો !

*

## [૧૦] અણસલાંને

હાં રે ક્યાંથી આવ્યાં ને ક્યાં જાશો, અણસલાં ?
ગગને છે ઘર ને, જગમાં ઉતરીયાં ?
વરસાદના દિન ભાવ્યા, અણસલાં ?
... હાં રે ક્યાંથી.

હાં રે શાને આવ્યાં રે હેઠે, અણસલાં ?
ધરતીને ભેટવા ? ઘડીવાર લેટવા ?
દુનિયા નવીનવી જોવા, અણસલાં ?
... હાં રે ક્યાંથી.

હાં રે કેવાં અંગો લઈ આવ્યા, અણસલાં ?
નાજુક કેવાં ? છૂંદાય એવાં;
લાખો લોકો જાય છૂંદી, અણસલાં ?
... હાં રે ક્યાંથી.

હાં રે જાતાં ગગન શે પાછાં, અણસલાં ?
જ્યોતે સમાતાં, પ્રેમી પ્રભુની ?
શીખવજો જ્યોતે સમાતાં, અણસલાં ?
... હાં રે ક્યાંથી.

* * *

## [૧૧] પંખીડાને

મીઠા નાદે જંગલ ભરતાં, છૂપાતાં કાં પંખી આજ?
મેના પોપટ, મોર ઢેલ ને સારસ, આવે તમને લાજ?

સ્નેહી કાજ હૃદયનાં દ્વારો, ખુલ્લાં જેવાં છે હરકાળ;
ખુલ્લાં તેમ તમારે માટે, છતાં કરો છો શાને વાર?

ઘેર તમારે સ્નેહી આવે, કાં ન વધાવો તો સાનંદ?
ગાઈ ગીત મધુર આ વનમાં, રેલાવો આજે આનંદ.

આવો સરિતામાં સ્નાન કરી, ક્રીડા કરવા થોડીવાર;
સમાન સાથે રમત રમો છો, તેમ રમીએ આપણે આજ.

પછી પડીએ છૂટાં પ્રેમે, ઘેર જઈએ ગાતાં ગીત;
આવો, પંખીડાઓ આવો, બાંધીએ મોંઘેરી પ્રીત.

* * *

## [૧૨] સાગરને

ઓ સાગર, શું ગાયે ? મને સ્વર ના સમજાયે,
તારા સૂર ન સમજાયે, ઓ સાગર, શું ગાયે ?
... ઓ સાગર, શું ગાયે ?

હળવું હળવું મીઠું કેવું, સાત દિવસ ગાયે;
કંટાળો ના તુજને આવે ? એમ મને થાયે
... ઓ સાગર, શું ગાયે ?

ઉલ્લાસમહીં ગાયા કરતો, દર્દ જ કે ગાયે ?
સોનેરી સ્વપ્નાંને દેખે, કે બળતો લ્હાયે ?
... ઓ સાગર, શું ગાયે ?

પ્રેમમહીં છે મગ્ન બન્યો તું, ઘેન ભરી કાયે;
ગાઈ રહ્યો રહી કોઈનાં, સુખદાયક છાંયે ?
... ઓ સાગર, શું ગાયે ?

જે ગાતો હો ગાયા કર તે, તાપ તથા છાંયે;
હું પણ ગાઈ શકું આમ તો, રસ ન ખરે માયે.
... ઓ સાગર, શું ગાયે ?

* * *

## [૧૩] મયૂરને

થનગન થનગન થનગનતો,
ઠમક ઠમક ઠમ ઠમકંતો,
વનવન આનંદે ભરતો,
મયૂર પેલો નાચંતો !

સુંદર પીચ્છ અહા સોહાય,
જોઈને મનડું મોહાય,
હૈયું જાણે કે ખોવાય;
મયૂર પેલો નાચંતો !

નર્તનને નીરખવા કાજ,
ટોળે વળિયાં બાળક આજ;
કેવો દિવ્ય સજ્યો છે સાજ ?
મયૂર પેલો નાચંતો !

આખર કળા સમેટી લે,
કેકા કરી કથા કૈં કે',
ધન્યવાદ બાળકને દે,
મયૂર પેલો નાચંતો !

આવું વનમાં તારે ઘેર,
નાચી ત્યારે આવી પેર,
શીખવશે નૃત્ય મને ફેર,
મયૂર પેલો નાચંતો !

* * *

## [૧૪] કમળ

કેવાં કોમળ કમળ હસે છે, જુઓ, દેખતાં આપણને?
ખીલીને સરવરમાં કેવાં, આનંદ ધરે છે મનને?

કિરણરૂપમાં ફોરમ લેવા, ફેલાવે છે સૂરજ હાથ;
ડોલ ડોલી કમળો કેવાં, સત્કાર કરે એકી સાથ?

એક રહે આકાશમહીં ને બીજાં લે પૃથ્વી પર શ્વાસ;
છતાં મળે છે કેવાં રંગે ? ભેદ પ્રેમમાં ના છે ખાસ.

ડોલી ડોલી કમળ ગાય છે, પ્રભાતમાં ઈશ્વરનાં ગાન;
ખીલ્યાં છે કાદવમાં તો પણ, ધરી રહ્યાં ઈશ્વરનું ધ્યાન.

હમણાં પેલાં ભમરાં આવી, સુવાસ સૌનીયે લેશે;
કમળ બધાંયે પ્રસન્ન બનતાં સુવાસ પોતાની દેશે.

હાથ ફેરવી જરા લઈએ, એ પહેલાં કમળોને આ;
વાત કરીએ મીઠી કાંઈ, અવસર આવ્યો ઉત્તમ આ.

* * *

## [૧૫] સાગરનું ગાન

તારું મંગલ ગાન, સાગર, તારું મંગલ ગાન.

તરંગ કૈં બાળકના જેવાં, અંકે આ અથડાય;
કોઈ કર પકડે, તો કોઈ ચઢી કેડ પર જાય
... સાગર, તારું.

દૂર દૂરથી ગાતો આવે, પ્રેમળ તારું ગાન;
ક્ષણનોયે આરામ ન તારે, ઠરવાનું ના ઠામ
... સાગર, તારું.

મોટા મોટા ડુંગર ભેટે, તોય ન તૂટે તાન;
જોમભરેલો ખૂબ છતાંયે, લેશ ન ભૂલે ભાન
... સાગર, તારું.

ધીરું ધીરું ગાતો કાંઈ, કરે વળી ગુલતાન;
ભાવભરેલો, ગીત છલેલો, લાગે તારો પ્રાણ
... સાગર, તારું

અખંડ પુરૂષાર્થતણું ગાઈ અમે રહીએ ગાન;
આવી રીતે સદા કરીએ, હરખશોકનું પાન
... સાગર, તારું.

* * *

## [૧૬] એક ઝરણ જોયું

ધરતી ખોળે મધુર આજ મેં, એક ઝરણ જોયું
જોતાંવેંત જ એ ઝરણાને, મન મારું મોહ્યું.
... ધરતી ખોળે.

આસપાસ નાના ડુંગર ને, નીચે નાની ખીણ;
રમતાં રમતાં જતું એ તરફ, અચાનક જ જોયું.
... ધરતી ખોળે.

ધરતીના કાનમહીં વાતો, કૈંક કહેનારું;
હોય શોધતું જાણે એના, દિલડાને ખોયું.
... ધરતી ખોળે.

કંચન જેવું પાણી એનું, મિષ્ટ વળી કેવું
કોણ કહે કે એના રૂપે, કોણ હશે રોયું ?
... ધરતી ખોળે.

જતું હશે ઝરણું ક્યાં, સાગર સરિતામાં નાનું ?
પ્રશ્ન પૂછતાં મેં એનામાં, મુખડાને ધોયું.
... ધરતી ખોળે.

* * *

## [૧૭] બંસીના સ્વર

ચપલા ચમકે, તારા ટમકે, વાદળ વિલસે છે,
કેકા કરે કલાપી કોઈ, ચાતક તલસે છે.

કો'ક કનૈયો ઘરમાં બેસી, બંસી બજવે છે;
મીઠા માદક સ્વરને છોડી, હૈયું ગજવે છે.

ઝાડો ઝૂલે, ગાયો ગાયે, બાળક બોલે છે;
પોકારે છે પવન પ્રેમથી, દિલડાં ડોલે છે.

ફૂલો ફૂલે, પવન પ્રફુલ્લે, લટોય લહેરાયે;
મોતી મોંઘા જાણે આખા, વનમાં વેરાયે.

* * *

## [૧૮] પ્રભુનાં વહાલાં બાલો

પ્રભુનાં વહાલાં બાલો, તમે તો, પ્રભુનાં વહાલાં બાલો.
મધુથી ભરેલાં મ્હાલો, તમે તો, પ્રભુનાં વહાલાં બાલો.

મીઠું મીઠું હસતાં કેવાં, કાલું બોલી આવો !
લેવા બેઠો થાઉં ત્યાં તો, ખોળે ચઢતાં ગાઓ.
... તમે તો.

કોણે પેલું હાસ્ય મીઠડું, હોઠોમાં છે ઢોળ્યું ?
દૈવી કોણે તેજ તમારી, આંખલડીમાં ઘોળ્યું.
જાણે પ્રભુપ્રેમતણો પ્યાલો ... તમે તો.

ફોરમ ફૂટે હૈયામાંથી, માદક એથી થાઓ;
અમૃતસ્વર અંતરથી જાગે, ગીત હજારો ગાઓ.
... તમે તો.

મીઠું મીઠું મંદ હસો છો, હું યે સાથે હસતો,
ગુલાબ જેવાંના સ્મિતને હું, નથી જ ખાળી શકતો.
આવે બીજા ના કૈં ખ્યાલો ... તમે તો.

આંખમહીં તો પ્રભુજી રમતા, હૈયામાંથી બોલે;
સુવાસ પામી સરસ તમારી, પૃથ્વી હરખે ડોલે.
ફૂલો તેમ સદાયે ફાલો ... તમે તો.

* * *

## [૧૯] વરસાદનાં ફોરાંઓ !

વરસાદનાં ફોરાંઓ ! તમે ટપક-ટપક થાઓ.
વરસાદનાં ફોરાંઓ !

તમે ઊંચેથી બહુ આવો, નવ પીડાથી પીડાઓ,
વરસાદનાં ફોરાંઓ ! તમે ટપક-ટપક થાઓ.
વરસાદનાં ફોરાંઓ !

મુજ આંખ મીંચી રાતે, સૂતો સરિતાને ઘાટે;
મધરાતે ત્યારે ધીરે, મધુસ્વરમાં કેવાં ગાઓ ?
વરસાદનાં ફોરાંઓ ! તમે ટપક-ટપક થાઓ.
વરસાદનાં ફોરાંઓ !

વરસો રણમાં ને વનમાં, ઝૂંપલડી રાજભવનમાં;
તાપ તપેલી ધરતી પર, ઠંડકને કેવી લાવો ?
વરસાદનાં ફોરાંઓ ! તમે ટપક-ટપક થાઓ.
વરસાદનાં ફોરાંઓ !

ફળ-ફૂલડે ઢળીને રસ ચાખતાં મળીને;
ને કરવા માટે ક્રીડા, કૈં જળાશયોમાં જાઓ,
વરસાદનાં ફોરાંઓ ! તમે ટપક-ટપક થાઓ.
વરસાદનાં ફોરાંઓ !

જે સ્પર્શ તમારો પામે, તે ભરાય છે આરામે;
એને આનંદ મળે કેવો ? ને કેવો મળે લહાવો ?
વરસાદનાં ફોરાંઓ ! તમે ટપક-ટપક થાઓ.
વરસાદનાં ફોરાંઓ !

* * *

## [૨૦] હીંચકાને બાંધ્યો

મેં તો ગંભીરા વડલાની ડાળે
કે હીંચકાને બાંધ્યો !

એ તો જોરથી કેવો ઝૂલે,
એને માણીને મન બધું ભૂલે,
કે હીંચકાને બાંધ્યો ! મેં તો.

કેવો વાયરો એને ઝૂલાવે,
મારી છાતીને કેવી ફૂલાવે ?
કે હીંચકાને બાંધ્યો ! મેં તો.

કોઈ પંખીડાં હીંચવા આવે,
નવા રંગ ને ગીત નવાં લાવે;
કે હીંચકાને બાંધ્યો ! મેં તો.

એ તો ઊંચે આકાશમાં જાયે,
હવા પૃથ્વીતણી વળી ખાયે,
કે હીંચકાને બાંધ્યો ! મેં તો.

એ તો કડડ કડડ થાયે.
એ તો તડડ તડડ ગાયે,
એ તો મસ્તીમાં તૂટી જાયે,
કે હીંચકાને બાંધ્યો ! મેં તો.

એ તો તૂટીને હેઠો આવે,
કે હીંચકાને બાંધ્યો ! મેં તો.

* * *

## [૨૧] હોડી હંકાર

હોડી હંકાર, તારી હોડી હંકાર !
ઉંડા ઉંડા જલે તારી હોડી હંકાર !

મારે ઉછાળા વેગે તરંગો,
નાચે અમારાં આનંદે અંગો;
હલેસાને માર જરી રાખી સંભાળ !
... ઉંડા ઉંડા જલે.

ગાઈ લે ગીતડાં આનંદ આપતાં,
થાકને મટાડતાં ચિંતાને કાપતાં;
મીઠી કૈં કથા એમાં તારી સંભાર !
... ઉંડા ઉંડા જલે.

દૂર છે કિનારો છતાં ધીરજને રાખજે,
બીક ને નિરાશા બધી ખંખેરી નાખજે;
શ્રધ્ધાનો કરી લેતાં આજે ટંકાર !
... ઉંડા ઉંડા જલે.

હોડી હંકાર, તારી હોડી હંકાર !
ઉંડા ઉંડા જલે તારી હોડી હંકાર !

* * *

## [૨૨] વર્ષાઋતુનો વાય વાયરો

વર્ષાઋતુનો વાય વાયરો,
ઓઢણી મારી ઊડે, જોઈને પંખીડાં કૂદે.

ઓઢણી મારી ઊડે, ને
કેશ-લટોયે ઊડે, જોઈને પંખીડાં કૂદે.

વહાલભીનો વાય વાયરો,
કુંડલ મારાં ઝૂલે, જોઈને ઝાડવાં ઝૂલે.

વાતો કરે પેલી વીજળી,
મને જોઈને ભાન જાણે ભૂલે,
જોઈને ઝાડવાં ઝૂલે.

આષાઢી સાંજનો વાય વાયરો.
ઝાડવાં સાથે ઝૂલે,
જોઈને મન મારું ફૂલે.

કેકા કલાપી કૈં કરે,
વધુ વાયરો વેગમાં ઊડે,
જોઈને પંખીડાં કૂદે.

ઓઢણી ખેંચી આખરે,
કરી સુસવાટા વાયરો ઊડે,
ઓઢણી મારી ઊડે.

વર્ષાઋતુનો વાય વાયરો,
ઓઢણી મારી ઊડે, જોઈને પંખીડાં કૂદે.

* * *

## [૨૩] ઘડિયાળ

પેલું ચોરસ છે ઘડિયાળ,
કેવું ચોરસ છે ઘડિયાળ ?

શાંતિમાં સઘળાંયે સૂતાં, જાગે ત્યારે આજ;
નાના નાના કાંટા કેવા, મીઠાં કરે અવાજ ?
..પેલું ચોરસ છે.

અંધારું છે ઘોર બધે યે, એનામાં છે તેજ;
એની વચ્ચે ઠૂંઠું કાળું, કેવું દીપે સ્હેજ ?
..પેલું ચોરસ છે.

ડાળી પેલી વાતો કરતી, હેતે એની સાથ;
પાંદડીઓ પેલી હાલે છે, ભરવા જાણે બાથ.
..પેલું ચોરસ છે.

આરામ કરે ઘડીયે નહીં, જાગે દિન ને રાત;
પોતાની સંગાથે પોતે, કરતું કાંઈ વાત.
..પેલું ચોરસ છે.

આધાર બન્યું છે એ સૌનું, સેવા કરતું શાંત;
અમેય સેવા એમ કરીએ, બનીએ નહીં કલાંત.
..પેલું ચોરસ છે.

* * *

## [૨૪] નાનાં નાનાં બાલ

નાનાં નાનાં બાલ જાણે પ્રભુનાં પ્રેમલ પૂર.
હાથો નાના, નાના પગ છે, નાનાં તેમ નુપુર;
આંખ, કાન ને નાકે નાનાં, નાનાં મુખનાં નૂર
... નાનાં નાનાં.

કાલાં કાલાં બાલ જાણે કોયલ જેવાં દૂર.
કાલી કેલિ, કાલી વાતો, કાલા કાલા સૂર;
કાલી પગલી, કાલી ચાલો, કોમળતા ભરપૂર
... કાલાં કાલાં.

વ્હાલાં વ્હાલાં બાલ જાણે સંગીત તણા સૂર.
આંખ વહાલી, દૈવી એમાં, પ્રભુએ આંજ્યું નૂર;
હૃદય વહાલાં, કર્યાં સ્નેહથી પ્રભુએ છે ચકચૂર.
.. વ્હાલાં વ્હાલાં.

* * *

## [૨૫] પ્રેમળ જાગો જ્યોત

પ્રેમળ જાગો જ્યોત,
જીવનમાં પ્રેમળ જાગો જ્યોત.
અખંડ એવી જ્યોત,
જીવનમાં પ્રેમળ જાગો જ્યોત.
... પ્રેમળ.

ભૂલતાંને પંથ સરસ ધરતી,
પડતાંને ઝટ બેઠા કરતી,
મંગલ એવી જ્યોત,
જીવનમાં પ્રેમળ જાગો જ્યોત.
... પ્રેમળ.

અંધાર હૃદયમાંથી હરતી,
તેજસ્વી રગરગને કરતી,
સુંદર એવી જ્યોત,
જીવનમાં પ્રેમળ જાગો જ્યોત.
... પ્રેમળ.

રડતાંને હર્ષ નવો ધરતી,
મરતામાં સંજીવન ભરતી;
દૈવી એવી જ્યોત,
જીવનમાં પ્રેમળ જાગો જ્યોત.
... પ્રેમળ.

* * *

## [૨૬] ઘેલી ગોવાલણ

ઘેલી ગોવાલણ આ, મીઠું ગાતીગાતી ચાલી રે,
સોનેરી છે મટકી માથે, મહીં વેચવા ચાલી રે.

સુરતાભેર સાડી સોહાયે, હાથે કંકણજોડી રે,
નેનમહીં છે નેહ ભરેલો, ચાલી નીંદર છોડી રે.

પગની પાની પ્રેમલ એની, કેશતણી લટ ઝૂલે રે;
મોઢે લાલી છેક ગુલાબી, કાય કાંતિથી ફૂલે રે.

અંતરમાંની સુરતા એની આખે અંગે વ્યાપે રે,
વ્યોમપરે વ્યાપીને હૈયાં માનવકેરાં માપે રે.

મહિયારી, આ મહી આજ તું પ્રેમલ કોને પાશે રે ?
કોને માટે સુખકારક ને શાંતિપ્રદાયક થાશે રે ?

ઘેલી ગોવાલણ આ મીઠું ગાતીગાતી ચાલી રે,
સૂરજની છે મટકી માથે, મહી વેચવા ચાલી રે.

* * *

## [૨૭] અંતર આંખડી દે

અનાથ કોઈ જગમાં ફરે છે,
રડે વળી તાપમહીં બળે છે;
વેરાનમાં એકલ કો' રમે છે,
કો' જંગમાં જીવનના ભમે છે.
સૌમાંય તારું મુખ દેખવાને,
પ્રભો, મને અંતરઆંખડી દે !

અંધાર છે સર્વસ્થળે છવાયા,
છે વેદનાથી નયનો ઘવાયાં;
પ્રકાશનાં ના કિરણો જણાયે,
મુશ્કેલ ને માર્ગ બધોય થાયે.
અંધારમાં તેજ નિહાળવાને.
પ્રભો, મને અંતરઆંખડી દે !

છે શોક, ચિંતા, ભય ને નિરાશા,
ને અંત છે રૂદનનો ખરે ના;
અશાંતિમાંહે અટવાય છે કૈં,
અનેકને ઓથ મળી રહી ના.
એ સર્વને ચેતન આપવાને,
પ્રભો, મને અંતરઆંખડી દે !

પ્રભો, અમારાં ઝરણાં વહે છે.
સૌ ભેટવાને તુજને ચહે છે;
કદી વહે સુંદર માર્ગથી, ને
કથા કદી કષ્ટતણી કહે છે.
વહી સદાયે સુખથી જવાને,
પ્રભો, મને અંતરઆંખડી દે !

* * *

## [૨૮] ઊંચે ને નીચે

આંબાને ડાળ એક બેઠી કોયલડી,
મીઠા સૂરને રેલાવી રે લોલ,
ઊંચેઊંચે એક બેઠો છે કાગડો,
આભે જવાને બેઠેલો રે લોલ.

બોલો કોયલબેન, ઊંચુ છે કોણ આજ ?
ઊંચે તો હું જ આજ આભે અહો !
આંબાની ડાળ તો ધરતીની ગોદમાં,
ઊંચે તો કોને બહેની, કહો ?

બોલ્યાં કોયલબેન, આકાશે હોય કે,
બેઠેલાં પૃથ્વી પર છોને અહો,
ઊંચા હૃદય જેનાં, ઊંચા વિચાર જેના,
ઊંચે તો તેને જ બેઠાં કહો.

આંબાને ડાળ એક બેઠી કોયલડી,
મીઠા સૂરને રેલાવી રે લોલ;
નીચેનીચે એક બેઠો છે કાગડો,
આભે જવાને બેઠેલો રે લોલ.

* * *

## [૨૯] મારી ભૂમિ

મારી ભૂમિ રસીલી રૂપાળી,
એની શોભા છે છેક જ ન્યારી.
એ તો દેવતાને પણ પ્યારી;
મારી ભૂમિ રસીલી રૂપાળી.

મીઠો વાયરો ત્યાં વાય, મીઠાં પંખીડાં ગાય.
મીઠાં ઝૂલ્યે શું ઝાડવાં જાય રે ?
એ તો સાચે જ છે ખૂબ સારી ... મારી ભૂમિ

કેવી ઝાડવાંની છાંય, સુતા ગોવાળો માંહ્ય;
કેવા બંસી બજાવ્યે જાય રે ?
એના સૂરોતણી બલિહારી ... મારી ભૂમિ.

નદી તળાવની પાર, મળી માનવની હાર;
કેવા વાગે અંતરના તાર રે ?
એની શોભા ઉપર જઉં વારી ... મારી ભૂમિ.

થાય ઋતુઓના રાસ, બધા રસનો ત્યાં વાસ;
સૂર્યચંદ્ર છે રેલી રહ્યા હાસ રે.
રહી ધરતી આ ધન્યતા ધારી ... મારી ભૂમિ.

કેવાં સુખ ને સંતોષ, કેવા આનંદકોષ ?
કેવા લોકો ફરે ધરી હોંશ રે,
દઉં દુઃખડાં એનાં ટાળી ... મારી ભૂમિ.

મને ઈચ્છા એ થાય, ત્યાં જ જીવન જાય;
એની સુશ્રૂષા સ્નેહથી કરાય રે,
બને જિંદગી ધન્ય તો ધારી ... મારી ભૂમિ.

* * *

## [૩૦] ચાલોને ફૂલડાં લેવાને

ચાલોને ફૂલડાં લેવાને !
લેવાંને ને દેવાને, ચાલો ચાલોને ફૂલડાં લેવાને !

વાડી સોહી રહી ફૂલે ભરેલી,
માળીએ મમતાથી એને કરેલી;
ચાલો સુવાસ એની લેવાને !
ચાલો ચાલોને ફૂલડાં લેવાને !

ચંપો ચમેલી મોગરાંની માળા,
ખીલ્યાં ગુલાબ વળી કેવાં છે ન્યારાં ?
ચૂંટી એ સર્વને લેવાને,
ચાલો ચાલોને ફૂલડાં લેવાને !

ફૂલડાંને ચૂંટીને માળા કરીશું,
મંદિરના દેવતાને સ્નેહે ધરીશું;
વાતો કૈં કાળજાની કે'વાને;
ચાલો ચાલોને ફૂલડાં લેવાને !

પંખીડાં ગાય છે મીઠાં સ્વરોમાં,
ભાવો જગાવે છે કેવા ઉરોમાં ?
એ સૌને ગીત નવાં દેવાને,
ચાલો ચાલોને ફૂલડાં લેવાને !

લેવાંને ને દેવાને, ચાલો ચાલોને ફૂલડાં લેવાને !

* * *

## [૩૧] ઉષા : શહેરની ને ગામની

ઉષાદેવી એને મંદિરે ઘોરે સુંદર સ્વપ્નાં જોતી,
ઉષાદેવી આ ગામની ત્યારે મુખડું ધીરે ધોતી,
એકલ અંધારામાં રે ... સુંદર સાથિયા પૂરતી એ.

ગાયને દોહવા બેઠી પછી એ નાની તપેલી લેતાં
દૂધની ધારા ભેગી મળે છે તાલ મજાના દેતાં.
એ તો અમૃત પીતી રે ... શાંતિ ઊંડી લેતી ને.

માતાની સાથે ઊભી રહીને ઘમ્મર ઘમ્મ વલોવે,
ધીરા સાદે આખાયે કામમાં એનો પ્રાણ પરોવે.
કેવો વ્યાયામ એનો એ; .. કરાયે વર્ણન એનું શું ?

એજ ઉષા પેલી પાણી જાતી બેડલું માથે મૂકી,
ઓઢણી ઉડતી વાએ, એની કેડ રહી છે ઝૂકી.
ચંચળ ચાલે ચાલે રે ... શોભે ટીલડી ભાલે રે.

એક એ તો હાથ બેડલે મૂકે, બીજે ઓઢણી ઝાલે;
ભીની રેતીમાં શાંત સવારે, ધીરે ધીરે ચાલે.
કૂવે પાણી કાઢે એ ... આળસ ખંખેરી કાઢે રે.

થાકી પાકી ખરે બપોરે, છાસ ને રોટલો ખાતી;
કામ ને કાજમાં ઘડી બધી એની દિનની ચાલી જાતી;
ક્યાંથી આરામ પામે એ ? ... મહેનત એને વહાલી છે.

કોઈ દહાડો ખેતરમાં એ માતાની સાથે જાય,
સોળ વરસની બાળ-જોઈને ખેતર રાજી થાય.
મારી ભૂમિ છે સુંદર આ ... ઊઠે એને અંતરે ભાવો હા!

આખાયે દિનની થાકી પાકી સૂઈ છેવટ જાય,
નિદ્રાદેવી એને ખોળે લઈને હરખઘેલી થાય.
મીઠી નીંદ લઈને રે ... જાગે વહેલી સવારે એ.

*

ઉષાદેવી એને મંદિર બેઠી સુંદર સાથિયા પૂરી,
ઉષાદેવી આ શહેરની ત્યારે, ઘોરતી સ્વપ્ને ઝૂરી.
સાતને સાત ટકોરે રે ... ઉઘાડે આંખલડીને એ.

આંખડી ચોળી મોઢું ધોતી કૈંક બગાસાં ખાતી,
ચાના પ્યાલાની પાસે જઈને આનંદે બેસી જાતી;
સમાચાર વાંચે પછીથી એ, છાપું એને અત્યંત પ્યારું છે.

માતપિતાના શબ્દો સુણીને આંખડી કેવી કાઢે ?
સામે બોલીને શિક્ષણકેરા કૈંક પ્રભાવો પાડે.
કરે ઘરકામ તો ક્યાંથી એ! આળસનું ઘર જ જાણે છે.

સોળ વરસની છોકરી લાગે છવ્વીસ જેવી થયેલી;
આંખડી ઊંડી ગયેલી, ને એ કમરમાંથી વળેલી.
જમીને, ઠાઠ કરીને રે ... શાળાને મારગ જાયે એ.

માથામાં એના તેલ મહેંકે, ગંધ ને અંગે આવે,
ચોપડી હાથમાં લેવાની એને કેમે કરી ના ફાવે;
શક્તિ અંગમાં એના ના ... આકર્ષણ કૈંનું થાયે હા !

દિવસ આખો પૂરો કરીને રાતે પથારીમાં જાય,
રંગભરેલી આંખડી એની કેમે કરી ના મીંચાય.
મોડી સૂઈને રાતે રે ... મોડી દિવસે જાગે એ.

* * *

## [૩૨] કોણ ?

કોણ ટમકતું તારલિયામાં, ચમકાર કરે ચંદ્રમહીં ?
આકાશતણી કરે પથારી, આરામ કરે કોણ અહીં ?

કોણ પ્રકાશિત કરે સૂર્યને, લાવે ગ્રહને ગગન વળી ?
કોણ જુએ છે સુંદર રંગો, સુંદર મેઘધનુષ્ય કરી ?

ઉષા અને સંધ્યાની રોજે, રંગોળી આ કોણ કરે ?
વર્ષાનાં વાદળથી આખા આભલિયાને કોણ ભરે ?

વર્ષાના રૂપે વરસીને, ભીની કરતું કોણ ધરા ?
અન્ન ઉગાડે કોણ ખેતરે, પ્રકટાવે છે કોણ ઝરા ?

દોડાવે છે કોણ નદીને, દરિયાકેરી દિશામહીં ?
મીઠી લાગે ચેતનવાળી, કોનાથી આ બધી મહી ?

* * *

## [૩૩] સૌને માટે પ્રેમ

સૌને માટે પ્રેમ, ભરી દો સૌને માટે પ્રેમ.
પ્રાણે પુષ્કળ પ્રેમ, ભરી દો સૌને માટે પ્રેમ.
સૌને માટે.

રાય રંક કે અભણ, ભણેલાં, સૌને માટે પ્રેમ;
પુણ્યવાન ને પાપી માટે, હૈયામાં હો પ્રેમ.
સૌને માટે.

માનપાત્ર કે તિરસ્કારને પાત્ર થયાં હો તેમ,
સૌને માટે વહે અમારા અંતરમાંથી પ્રેમ.
સૌને માટે.

જોઈને સૌને ઈશ્વરનાં સુંદર રૂપો જેમ,
સેવા સદા કરીએ સૌની, ચાહી સૌનું ક્ષેમ.
સૌને માટે.

* * *

## [૩૪] ચંદ્રમાને કે'જો

ચંદ્રમાને કે'જો કે મારે ઘેર આવે.
સાથે પેલા તારલિયાને લાવે.
... ચંદ્રમાને કે'જો.

વાતો કરીએ જરી મીઠી મજાની,
દિલ ના ખોલીએ તો દોસ્તી એ શાની ?
રૂપરંગ એનાં મને બહુ ભાવે
... ચંદ્રમાને કે'જો.

અમૃતનું પાન કરી એનું રહેવું,
આનંદ ઝરણામાં ઊંડા વહેવું,
એય પછી આનંદે જેમ એને ફાવે
... ચંદ્રમાને કે'જો.

આંગણિયું અજવાળી કેવું રહેશે ?
અંધારૂ ટકશે પછી નહીં લેશે;
સત્કારું એને હું ખૂબ ખૂબ ભાવે
... ચંદ્રમાને કે'જો.

* * *

## [૩૫] સ્વચ્છતાની ટેવ

સ્વચ્છ અમારા કેશ, છે સ્વચ્છ અમારો વેશ
અમને વહાલી સ્વચ્છતાની ટેવ, ઓ વિશ્વેશ !

સ્વચ્છ અમારાં ઘર ને આંગણ, શાળા સ્વચ્છ અમારી;
ગમે ગંદકી નહીં અમોને, ખૂબ સ્વચ્છતા પ્યારી.

સ્વચ્છ બધો હો દેશ, ને દુનિયા આ હંમેશ.
અમને વહાલી સ્વચ્છતાની ટેવ, ઓ વિશ્વેશ !

સ્વચ્છ રહીએ બહારથી, ને અંતર સ્વચ્છ અમારાં;
વાણી વર્તન નિર્મળ જેવાં, અમને સાચે પ્યારાં.

સ્વચ્છ બધો હો દેશ, ને દુનિયા આ હંમેશ.
અમને વહાલી સ્વચ્છતાની ટેવ, ઓ વિશ્વેશ !

* * *

## [૩૬] સેવાની ઈચ્છા

તમારી હે પ્રભુ, સેવામાં, મારું જીવન પૂરું થાય,
તમારી સુંદર સેવામાં, મારું જીવન આખું જાય.

વ્યાપ્યા સંસારમહીં સઘળે,
ગામ તથા વન તેમજ નગરે;
એવો અનુભવ કરતાં રોજ,
મારું જીવન પૂરું થાય ... તમારી.

કોઇ કણ પણ છે ના ખાલી,
તમે છો રહ્યા બધે ય મહાલી;
એવી ઝાંખી કરતાં રોજ,
મારે હૈયે હરખ ન માય ... તમારી.

તમારો પ્રેમ હૃદયમાં જાગે,
શ્રદ્ધા કોઇ કાળ ન ત્યાગે;
કૃપાની પામી દૈવી ધાર,
મારું જીવન પૂરું થાય ... તમારી.

સૌમાં રૂપ તમારું ભાળી,
સેવા કરું સદાયે ન્યારી;
કેવી શાંતિ મને તો થાય ?
કાયા ધન્ય બની આ જાય ... તમારી.

* * *

## [૩૭] વરસે વરસાદ

વરસે વરસાદ આજ કેવો વરસાદ,
ભાદરવા મહિનાનો કેવો વરસાદ ?
... વરસે વરસાદ.

વાદળની કોથળીમાં અમૃતનાં દાન લઈ,
ગગડે ને વરસે છે કેવો વરસાદ ?
... વરસે વરસાદ.

આનંદ થાય એના અંતરમાં કેવો ?
કરી રહ્યો એનો એ તો લાગે છે નાદ.
... વરસે વરસાદ.

ધરતી પર ધન એ તો ઢોળી રહ્યો બધું,
વહેંચી રહ્યો કેવો મીઠો પ્રસાદ ?
... વરસે વરસાદ.

ધરતી ને આભ થયાં એક આજ લાગે,
સ્નાન કરે સરિતા આ ઝરણાં પહાડ.
... વરસે વરસાદ.

બોલે છે મોરલાને ગીત ગાય કો'ક આ,
સૂનાં હૈયાંને કોઈ પાડે છે સાદ.
... વરસે વરસાદ.

* * *

## [૩૮] મારો દેશ

મારો દેશ મજાનો ભારત આ.
મને ખૂબ જ પ્યારો લાગે હા. ... મારો.

એની સંસ્કૃતિ, સુંદરતા કેવી ?
એની ઋતુઓ છે જોવા જેવી;
મને ખૂબ ગમે એ શાને ના ? ... મારો.

એના પર્વત, સરિતા, ને સ્ત્રોતો,
ના મહાપુરૂષોનો તોટો;
એના ગ્રંથો ઉત્તમ કેવા હાં ! ... મારો.

મને એ તો ખૂબ વહાલો છે,
અરે, દેવોને પણ પ્યારો છે;
એને સુખી કરું આ જીવનમાં ... મારો.

* * *

## [૩૯] હિંમત ન હારવાના

કષ્ટો પડે ભલેને, હિંમત ન હારવાના.

સામે મુસીબતોના પર્વત ઉભા રહ્યા હો,
સાગર અશાંતિકેરા ને ઘૂઘવી રહ્યા છો;
તોયે ડરી જઈને ના આંસુ સારવાના,
કષ્ટો પડે ભલેને, હિંમત ન હારવાના.

વૈશાખ જેઠની લૂ વરસી બધે રહી હો,
દેખાય છાંયડી ના ક્યાંયે જરાય ને છો;
તોયે ડગી જઈને જુસ્સો ન ટાળવાના,
કષ્ટો પડે ભલેને, હિંમત ન હારવાના.

આરામકાજ ક્યાંયે છાયા ભલે મળે ના,
સ્નેહી અને સંબંધી આશ્વાસનો ધરે ના,
તોયે અનાથ-શા ના શબ્દો ઉચારવાના,
કષ્ટો પડે ભલેને, હિંમત ન હારવાના.

સામે પરાજયોની આવે પરંપરા છો,
લોકો વિરોધ કરતા ને નીંદતા ભલે હો;
તોયે નિયમ અમારા સાચે જ પાળવાના,
કષ્ટો પડે ભલેને, હિંમત ન હારવાના.

* * *

## [૪૦] ઝરણની ભાવના

મોટો સાગર નથી ભલે હું, તોયે તેથી શું?
માતેલાં મોજાં મુજમાં ના જાગે તેથી શું?

નદી થકી યે નાનો છું હું, તોયે તેથી શું?
વિશાળ પટ ના મારો હોયે, સુંદર તેથી શું?

નાનું ઝરણું બની વહું છું, તોયે તેથી શું?
મીઠું મધ જેવું છે પાણી, શોક કરું કાં હું?

અનંત અમૃતનાં બિંદુડા, લઈ વહું છું હું;
અગાધ ના મહિમા હો મારો, તોયે તેથી શું?

ભારે સાગર નથી ભલે હું, તોયે તેથી શું?
મધુર મહીને મારા મધુથી મધુર બનાવું છું.

* * *

## [૪૧] ફૂ લ વા ડી

ફૂલવાડી, આ ફૂલવાડી.
છે કેવી મજાની ફૂલવાડી ?

ફૂલો ખીલ્યાં છે રંગીન કેવાં ?
શોભી રહી આખી ફૂલવાડી.
છે કેવી મજાની ફૂલવાડી ?

ગુલાબ, ચંપા, ચમેલી ને મોગરા,
ખીલી રહ્યાં હૈયાં કમળો કાઢી.
છે કેવી મજાની ફૂલવાડી ?

વચ્ચે ફુવારા આ ઊડી રહ્યા છે,
ઊંચેથી બિંદુ લાખો નીચે પાડી.
છે કેવી મજાની ફૂલવાડી ?

ઝાડ-પાન સોહે છે કેવાં અનેક આ ?
પંખીડાં ગાય કેવાં દોટો કાઢી ?
છે કેવી મજાની ફૂલવાડી ?

ડુંગર પર બાગ છે મોટો મજાનો,
નીચે દેખાય પેલી દરિયા-ખાડી.
છે કેવી મજાની ફૂલવાડી ?

* * *

## [૪૨] હાથે મહેનત કરો

હાથે મહેનત કરો, બધાંયે હાથે મહેનત કરો
આળસને પરહરો, બધાંયે હાથે મહેનત કરો
... હાથે મહેનત.

પ્રભાતકાળે પંખી ઊડે માળા મૂકી અહો;
આનંદી એવા જ બનીને, સૌ પુરુષાર્થ કરો
... હાથે મહેનત.

ઝરણાં આ દોડે છે તેવાં સ્ફુર્તિસાથ વહો;
શોક નિરાશાને ખંખેરી, રસથી પ્રાણ ભરો
... હાથે મહેનત.

પરોપજીવી બનવામાં ના સુખ થોડુંય લહો;
જીવનને ઉત્તમ કરવાને, શ્રમનો મંત્ર ખરો
... હાથે મહેનત.

શ્રમમાં છે ના શરમ કશીયે, જો આનંદ ચહો;
શ્રમથી દુઃખ તથા દળદરનો સાગર સહેજ તરો
... હાથે મહેનત.

* * *

## [૪૩] શું...ગાઉં ?

રે વહાલાં, શું ... ગાઉં ?

ઘરમાં હું ગાનાર, તું તો દુનિયામાં ગાનાર;
હું તો છું પીનાર, તું તો સૌને યે પાનાર.
રે ... શું ગાઉં ?

એકલ મારો તાર, તારા અનેક તીણા તાર;
એક જ હાથ મહારો નાનો, તારાનો નહિ પાર.
રે ... શું ગાઉં ?

આંખમાં ઉના છે આંસુડાં, ને હૈયામાં મારા છે હાય;
પ્રેમનાં પૂર આવ્યાં મારે, કેવી રીતે ગવાય ?
રે ... શું ગાઉં ?

મારામાં તું ગાનાર, રે શું ગાઉં ?
જડ ને ચેતન આખા જગને, પ્રાણતણો પાનાર.
રે ... શું ગાઉં ?

ગાન રહ્યું મારું નાનકું, તારું તો ગાન વિરાટ;
તો પણ સ્નેહથી સાંભળવા તું,ઊભો રહ્યો જોઈ વાટ રે
રે ... શું ગાઉં ?

તેથી જ ગાઉં છું ગીતડું નાનું, ધન્ય માની મારી જાત;
થોડી જ વારમાં રંગભરેલી, વીતી જશે રૂડી રાત.
રે ... શું ગાઉં ?

* * *

## [૪૪] ઘમ્મર ઘમ્મ

ઘમ્મ ઘમ્મ ઘમ્મ, ઘમ્મર ઘમ્મ;
ચાલો આજે છાસ વલોવા,
ઘમ્મ ઘમ્મ ઘમ્મ.

બેય હાથમાં, નેતરું લો;
ખેંચો એને દોણી ગાશે,
ઘમ્મ ઘમ્મ ઘમ્મ.

ભાંડુ આવો, ગીતડાં ગાવ;
દોણીમાંનું દહીં વલોવે,
ઘમ્મ ઘમ્મ ઘમ્મ.

હર્ષ પામશું, માખણ લઈ;
એ ઉકાળી ઘી કરીશુ,
ઘમ્મ ઘમ્મ ઘમ્મ.

ચંદ્ર પેલો, વાદળાં વળી,
સૂણે પેલા તારલિયા છો,
ઘમ્મ ઘમ્મ ઘમ્મ.

બંધુ આવો, શીખી લાવો,
અમૃત કાઢો જીવનમાંથી,
ઘમ્મ ઘમ્મ ઘમ્મ.

ઘમ્મ ઘમ્મ ઘમ્મ, ઘમ્મર ઘમ્મ;
ચાલો આજે છાસ વલોવા,
ઘમ્મ ઘમ્મ ઘમ્મ.

* * *

## [૪૫] પીંજરના સિંહને

સિંહ જુઓ પીંજરમાં આજ, એકાકી ના કરે અવાજ;
યોગી જેવી દીસે આંખ, દીવા જાણે પ્રકટ્યા લાખ.

જગની સાથે જાણે આજ, મૈત્રી કરવા આવ્યા રાજ;
એવા શાંત જુઓ દેખાય, રાજા વનના એ લેખાય.

ચકલી કાગ સમીપે જાય, તો પણ ના એ ગુસ્સે થાય;
છોડી હિંસા તેમજ કાળ, થયા શાંતિ કેરા સરદાર.

પીંજર ખોલી નાખે કો'ક, રહે ન બંધન તેમજ ફોક;
રહો શાંત ત્યારે પણ આમ ? કરો કે પછી હિંસક કામ ?

* * *

## [૪૬] કેવી મજા

કેવી મજા, કહો કેવી મજા,
વ્યાયામ કરવાની કેવી મજા ?

વહેલી સવારમાં જાગી જઈએ,
દાતણ કરીને જરા ચોખ્ખા થઈએ,
હોય કે ના હોય ભલેને રજા.
... વ્યાયામ.

ખુલ્લી અગાસી કે મેદાને આવી,
અથવા તો ઓરડીમાં આસન લગાવી,
પ્રાર્થના કરીએ, જુઓ કેવી મજા ?
... વ્યાયામ.

દંડ તેમ બેઠકની કસરત કરીએ,
દોડીએ, પ્રાણવાયુ તાજો ભરીએ;
ફરકાવીએ વીરતાની ધજા,
... વ્યાયામ.

રોજ રોજ વ્યાયામ ભાવે કરીએ,
નિર્બળતા અંગતણી તો તો હરીએ
રોગતણી થાય ના તો તો સજા.
... વ્યાયામ.

દવાની જરૂર પછી જરાયે રહે ના,
હજારો દવાખાનાં વ્યર્થ જ બને આ;
થાય તંદુરસ્ત તો કેવી પ્રજા ?
... વ્યાયામ.

* * *

## [૪૭] પ્રભુની જમીન

આ જમીન શ્રી પ્રભુની છે.
એમાં શંકા ના જ કશી છે;
... આ જમીન.

સૂરજ, ચંદ્ર તથા આભલિયું,
સમાન સૌનું યે છે;
પવન તેમ પાણી પણ સૌનું,
મિલ્કત એ સૌની છે.
... આ જમીન.

માલિકી કરો એના પર ના,
ઈશ્વરની કેવલ એ;
કરો માવજત રૂડી રીતે,
ફળ કે એ ઉત્તમ દે.
... આ જમીન.

ભૂમિહીનને ભૂમિ આપો,
મંત્ર સુખતણો એ છે;
ખાવ સદા વહેંચીને સૌયે,
તૃપ્ત બને સૌયે કે.
... આ જમીન.

* * *

# [૪૮] મારો દેશ

મારો દેશ ખરેખર મોટો.

કુદરત એની કેવી સુંદર, જનતા ને કેવી ?
શાસ્ત્રો એનાં ઉત્તમ કેવાં ? ધરતી મધુ એવી.
એનો જડે ના જગમાં જોટો. ... મારો દેશ.

નદી તેમ પર્વત મેદાનો, વૃક્ષ વળી વેલી
વિવિધ રંગના પંખી કેવાં, કરી રહ્યાં કેલિ ?
એનો પાડે કોણ જ ફોટો ? ... મારો દેશ.

એનું ગૌરવ રોજ કરું ને, એને હું પૂજું;
સ્વર્ગતણું ના ખરે બારણું, જગતમહીં દૂજું
એ વિચાર છે ના ખોટો. ... મારો દેશ.

એને માટે કુરબાન બનો, કરતાં શ્રમ ભારે;
સ્વાર્થત્યાગ જો કરો બધા તો, દરિદ્રતા હારે.
ના રહે પછી કૈં તોટો. ... મારો દેશ.

* * *

# [૪૯] દરિયાને જોયો

મેં દરિયાને જોયો.
કાલું ઘેલું ગાનારા એ દરિયાને જોયો
... મેં દરિયાને જોયો.

હતી રાત પુનમની ત્યારે, એને મેં જોયો;
ચાંદલિયાને દેખીને એ હતો ખરે મોહ્યો;
.... મેં દરિયાને જોયો.

ઊંચા ઊંચા મોજાંવાળો દરિયો મેં જોયો;
આકાશે અડવાને મથતો, પ્રાણ જેમ ખોયો.
... મેં દરિયાને જોયો.

પાણીના ભંડારસમા મેં સાગરને જોયો;
નાખી નજર પહોંચી ન શકે, એવો એ સોહ્યો.
.... મેં દરિયાને જોયો.

નદી એક મળતી'તી એમાં; એને મેં જોયો;
એને જોતાંવેંત જ મારો પ્રાણ ખરે મોહ્યો.
.... મેં દરિયાને જોયો.

* * *

## [૫૦] નાનું સરખું ફૂલ

શોભે છે આ નાનું સરખું ફૂલ કહો કેવું ?
નાની સરખી ડાળીના પર ફૂલ જુઓ કેવું ?

પાંખડી બધી સુંદર એની,
ઉપમાં આપી શકાય શેની ?

ગુલાબનું ફૂલ બગીચામાં શોભે છે કેવું ?
મધુરતા તથા સુંદરતાના જાણે ઘર જેવું.

સુવાસ એ અદ્ભુત આપે છે,
અશાંતિ ચિત્તતણી કાપે છે;

મસ્ત કરી દે, સ્ફુર્તિ આપે, આજે એ કેવું ?
કામ કરે છે મોટું, જો કે છે નાના જેવું.

એના જેવા થઈ શકીએ,
સુવાસ કો'ને દઈ શકીએ;

તો તો જીવન કહો આપણું ધન્ય બને કેવું ?
એવું જીવન બની જાય કો' આશિષના જેવું.

* * *

## [૫૧] નદી

એક નદી નાની, જુઓ આ એક નદી નાની.

વહી જાય છે ધીરેધીરે, બની જરા શાણી;
અવાજ ના થોડોય કરે છે, બોલે ના વાણી ... જુઓ આ.

ડુંગરમાંથી આવે છે એ, મિષ્ટ લઈ પાણી;
સપાટ મેદાનમહીં ચાલે, સ્વચ્છ લઈ પાની ... જુઓ આ.

નહાય એમાં લોકો કૈંયે, માતા શી જાણી;
પંખીડા કિલ્લોલ કરે છે, પડતાં ને પ્રાણી ... જુઓ આ.

આવો સ્નાન કરીએ એમાં, બની જરા જ્ઞાની;
સેવાનો સંદેશો આપે, એ છાની માની ... જુઓ આ.



* * *

## [૫૨] પતંગિયાને

કોણે પાંખડી ઘડી છે તારી, પતંગિયા, પાંખડી ઘડી છે તારી ?
એની સુંદરતા કેવી છે ન્યારી, પતંગિયા પાંખડી સુંવાળી છે તારી.
પતંગિયા, પાંખડી રૂપાળી છે તારી. ... કોણે પાંખડી.

કોણે પૂર્યા છે એમાં રંગો મજાના ? કેવી કળા કરી ભારી ?
એકએક આંખ જાણે પ્રકટી છે પાંખમાં, રંગોળી કેવી છે સારી ?
પતંગિયા પાંખડી રૂપાળી છે તારી. ... કોણે પાંખડી.

ઊડે ને ઝૂલે તું ફૂલપરે હેતથી, દીવા ઉપર જાય વારી;
કાળજામાં કામણ કર્યું તારા કોણે ? પ્રીતડી તેં ક્યાંથી ધારી ?
પતંગિયા, પાંખડી રૂપાળી છે તારી. ... કોણે પાંખડી.

કુદરતની આખીયે કારીગરી ને કળા તારી પાંખમાં ઉતારી;
કળાકાર કોણ હશે ? એણે તો દીધી કળા બધી એની ઉજાળી.
પતંગિયા, પાંખડી રૂપાળી છે તારી. ... કોણે પાંખડી.

રમવાને આવજે બાગમહીં મારા, ફૂલવાડી છે તારી;
જોજે ડરીશ ના, આંગળી અડાડું તારા શરીરે જો મારી.
પતંગિયા, પાંખડી રૂપાળી છે તારી. ... કોણે પાંખડી.

* * *

## [૫૩] ગોવાલણી ને કનૈયો

હું તો કાળોશો પેલો કનૈયો,
હું તો નંદ જશોદાનો છૈયો,

મને દેતી જા માખણ મીઠું, ગોવાલણી !
આવું રૂપ ના ક્યાંયે દીઠું, ગોવાલણી !

*

અડતો ના મુજને જરી, કાળા કપટી કૃષ્ણ !
હું ગોવાલણ ગામની, મારગ મારો મૂક !

મારું મોઘું માખણ કેમ આપું, કનૈયા ?
એ તો મથુરામાં વેચવાને રાખ્યું, કનૈયા ?

*

મથુરા મુજને માન તું, મારામાં બ્રહ્માંડ;
માખણ દે નહિ તો થશે જોવા જેવો કાંડ.

મેં તો માખણ કેટલીનાં લીધાં,
મેં તો ગોરસ કૈંકનાં પીધાં;

ફોડી દીધાં મેં મટકાં કૈં નાં ગોવાલણી !
બોલ, તોયે હઠીલી થૈ કાં, ગોવાલણી ?

*

સરિતાને સુંદર તટે બંસી બજાવે જો,
માખણ સાથે હોંશમાં ગોપી આવે તો.

તું તો તારાં જ ગીત ગાનારો,
પ્રેમ બ્રહ્માંડને પાનારો;

આજે માખણકાજ કેમ આવ્યો, કનૈયા?
બની દીન શાને તું આવ્યો, કનૈયા ?

*

ઝૂંટાવીશ આ માટલી ગોવાલણી સાનંદ,
રડતી રડતી ઘર જશે, કરશે ને પાંખડ.

જો જે કૈં ના વધારે કે'તી,
તારી આંખે તો પ્રેમધાર વહેતી;

તારી ગોરસે છલકે છાતી, ગોવાલણી !
મારી બંસી જો હેતથી ગાતી, ગોવાલણી !

*

બંસી ના બજવીશ તું, ભાન જશે મારું,
આપું માખણ મીઠડું, ઉઘાડ મુખ તારું.

પેલો માખણ પ્યારો કનૈયો,
એ તો નંદ-જશોદાનો છૈયો,

એ તો ગાય છે જમનાતીરે, માનવ ઓ !
એના ઝીલે છે સૂર સૌ ધીરે, માનવ ઓ !

* * *

## [૫૪] માતા હે ગુજરાતની

માતા હે ગુજરાતની ! માતા હે ગુજરાતની !

કવિએ કહી તને ગુણવંતી, રૂપવંતીયે માતા તું;
તારો જોટો ખરે જગતમાં કોઈને મળનાર શું ?
ભારતભરમાં અજોડ એવી, સંસ્કારી તું છે બની,
માતા હે ગુજરાતની ! માતા હે ગુજરાતની !

દેશતણા દિલડાના જેવી, ભાવ લાગણીથી ભરપૂર;
બાળક તારાં દયાળુ, દાની સ્નેહ ભરેલાં સાચાં શૂર;
દેશપ્રેમની ઊર્મિ તારા અંતરમાં યે રહી ઘણી;
માતા હે ગુજરાતની ! માતા હે ગુજરાતની !

દયાનંદ ગાંધીની જનની, નરસૈંયાની છે માતા;
પ્રીતમ, પ્રેમાનંદ સમા કૈં તારે હૈયેથી ગાતાં;
સાહસવીર તથા સેવકને સદા રહી તું હજી જણી;
માતા હે ગુજરાતની ! માતા હે ગુજરાતની !

તારું ગૌરવ ગણી અમારું સેવીએ હરરોજ તને,
તારી ઉન્નતી માટે જીવન મથે અમારું, અર્ઘ્ય બને.
તારા ભક્તિભાવે હૈયા અમે રહીએ રોજ વણી;
માતા હે ગુજરાતની ! માતા હે ગુજરાતની !

* * *

## [૫૫] છે આવો એકે દેશ

છે આવો એકે દેશ, આખા જગમાં આવો દેશ ?

ફરીફરીને જુઓ છતાંયે આવો ન મળે એક;
પાંચ ખંડની આ પૃથ્વીમાં દેખો દેશ અનેક .... છે આવો.

ધર્મતણાં ધાવણ પાયાં છે જેણે જગને નેક;
સંસ્કૃતિ એની ઊંચી તેમજ ઉત્તમ એની ટેક ... છે આવો.

વેદ ઉપનિષદ ગીતામાં છે આપ્યા મંત્ર અનેક;
ઉત્તમ જીવનના પાઠ ધર્યા, તાજા આજે છેક ... છે આવો.

સૌના હિતના સંદેશ ધર્યા, સેવાની અહાલેક;
ભ્રાતૃભાવની ધરી ભાવના, જગવી સંત અનેક ... છે આવો.

શાંતિ સંપ ને સમજુતી માટે કરતો યત્ન દરેક,
ભરતો પગલાં પ્રગતિ પંથપે, રાખી ધૈર્ય-વિવેક ... છે આવો.

કુદરત એની, એની ઋતુઓ, એના રસ પ્રત્યેક;
પર્વત, સાગર, સરિતા, ઝરણાં, દૈવી, ના અતિરેક ... છે આવો.

અમર રહો આઝાદી એની, અમર રહો એ દેશ;
વિશ્વશાંતિના દૂત બનાવો એને હે પરમેશ ! ... છે આવો.

* * *

## [૫૬] સેવા કરીશું

સેવા કરીશું, અમે સેવા કરીશું,
મોટા થઈને અમે સેવા કરીશું.

સેવા લઈએ અમે આજે માબાપની,
બેન તેમ ભાઈની, શિક્ષકના હાથની;
બદલો એનો અમે સાચો ધરીશું.
... સેવા કરીશું, અમે.

ધરતીની સેવા ને સેવા આ સૂર્યની,
સેવા લઈએ અમે વરસાદી દૂતની;
ગુણ એ બધાંના યાદ રોજે કરીશું.
... સેવા કરીશું, અમે.

પાણીની સેવા ને સેવા પવનની,
સજ્જનની સેવા કો' મોટા મનુજની;
ભાવ એ સહુને માટે હૈયે ભરીશું.
... સેવા કરીશું, અમે.

સેવા કરે છે નદી-નાળાં તળાવ આ,
પંખી, ને ફૂલ કેવાં ઊગી સવારમાં !
સેવાનો મંત્ર લઈ સઘળે ફરીશું.
... સેવા કરીશું, અમે.

મૂંગાં પશુની કહો કેવી છે સેવા ?
ખેતરણાં ખેડે છે શાંત બની કેવાં ?
જીવતાં સેવીશું, સેવા કરતાં મરીશું,
... સેવા કરીશું, અમે.

* * *

## [૫૭] દેશને પ્રણામ

જન્મ ધર્યો જેણે વળી, જતન કર્યું જેણે;
સંસ્કારો આપી કર્યાં મન ઉત્તમ જેણે.
પ્રણામ હો તે દેશને, લાખોવાર પ્રણામ;
એને ચરણે જિંદગી, અર્પણ હજો તમામ !

*

ઊછેર્યાં જેણે સદા, દિવ્ય દૂધ પાઈ;
હૂંફ ધરી હરરોજ ને, શાંતિ વળી કાંઈ.
ભાવથકી તે દેશને કરીયે કોટિ પ્રણામ.
એને ચરણે જિંદગી, અર્પણ હજો તમામ !

*

એને કાજે સર્વનાં તનમન હો કુરબાન,
ધનવૈભવ ને સર્વના ન્યોચ્છાવર હો જાન.
રક્ષા કરવા એહની કરિયે યત્ન તમામ.
એને ચરણે જિંદગી, અર્પણ હજો તમામ !

*

દિવ્ય અમારો દેશ એ, દિવ્ય એહનાં બાળ;
ભેદભાવ ટાળી કરે સેવા કર્મ રસાળ.
અજોડ કરવા એહને, કરીએ સુંદર કામ.
એને ચરણે જિંદગી, અર્પણ હજો તમામ !

*

દુઃખ દર્દ દેખાય ના, મટે ગરીબી તેમ;
અજ્ઞાન ટળે, સ્વાર્થ ને કુકર્મ ન રહે કેમ.
વેરઝેર ન જડે કહીં, તિરસ્કાર ના હો;
દેશ બને એવો કહો, સ્વર્ગ રહે ક્યાં તો ?

*

દયા ધર્મ ને સત્યનો પ્રકાશ સઘળે થાય,
ન્યાય નીતિનો નાદ હો, ક્લેશ બધાયે જાય.
એવો કરવા દેશને, કરીયે સ્વાર્થ હરામ.
એને ચરણે જિંદગી, અર્પણ હજો તમામ !

*

દેવોએ દુર્લભ કહ્યો, દિવ્ય અમારો દેશ;
બાળક એનાં કેમ ના ગૌરવ માને લેશ ?
પ્રણામ હો તે દેશને, લાખો વાર પ્રણામ.
એને ચરણે જિંદગી, અર્પણ હજો તમામ !

* * *

## [૫૮] સ્વતંત્રતા

સ્વતંત્રતા, સ્વતંત્રતા, વહાલી અમને સ્વતંત્રતા,
જન્મભૂમિની સ્વતંત્રતા !

બંધન કોને ગમે જગતમાં? સર્વે ચાહે સ્વતંત્રતા;
બંધાયેલાં પણ બોલે છે, પ્યારી અમને સ્વતંત્રતા. ... સ્વતંત્રતા.

જુઓ ઝરણાંનાં પાણી દોડે, રોકટોક તેઓને કયાં?
નદી વહે છે, વાય વાયરા, ગર્જના કરે સાગર આઃ ... સ્વતંત્રતા.

સૂરજનાં કિરણો ફેલાયે, મુક્ત બની કેવા સઘળાં?
કમળ ઊઘડે, ફુલ ખીલતાં, બોલે છે પંખી વનમાં. ... સ્વતંત્રતા.

વાદળ કેવાં આઝાદ બની, વરસે છે અમૃત ભરતાં?
કેવાં ઝાકળના બિંદુયે, સુખ લેતાં સુખને ધરતાં ? ... સ્વતંત્રતા.

વાછરડાં દોડીને કેવાં, માતાને વળગી પડતાં?
કોઈ જાય પકડવા વચ્ચે, તોયે ના એને ગણતાં. ... સ્વતંત્રતા.

બાળ બધાં માને ખોળલિયે, સુખ લેતાં સુખને દેતાં;
સિંહાસન પર બેસી જાણે, મુકિતનો મહિમા કે'તાં. ... સ્વતંત્રતા.

ગુલામ ના કરીએ કોઈને, ગમે સર્વને સ્વતંત્રતા;
બંધન તોડી દેવા સૌનાં, યત્ન કરીએ હમેશ હા ! ... સ્વતંત્રતા.

સર્વ દેશ હો સ્વતંત્ર તેમજ, સુખી હજો જીવો સઘળા;
એક વાડીનાં ફૂલ બનીને, વાસ ભરો વિશ્વે મધુરા. ... સ્વતંત્રતા.

જપો જાપ માનવ સર્વે કે વહાલી અમને સ્વતંત્રતા;
જન્મભુમિની, સર્વ દેશની પ્યારી અમને સ્વતંત્રતા. ... સ્વતંત્રતા.

* * *

## [૫૯] સ્વતંત્રતાનું રક્ષણ

દેશ ઉપર આફત આવે, દેશ ઉપર આફત આવે,
દુશ્મન કોઈ દેશતણા હો, વારંવાર સતાવે;
અણમોલ મળી આઝાદીનો, કાળ સમીપે લાવે;
બેસી કેમ રહેશો ત્યારે ? બેઠે કામ ન આવે.
સ્વતંત્રતાના રક્ષણ માટે, લલકારી મેદાને,
પડવું પડે વીર બની સાચા, બચાવવાને 'મા' ને.

દૂધ દેશનાં મોંઘાં પીધાં, જીવન એણે ઉત્તમ દીધાં;
ગુલામ કરવા એને કોઈ, આક્રમણ કરી આવે,
સુખ ને શાંતિ હણાયે એની, દુશ્મન જનના દાવે.
શું કરશો સંતાનો ત્યારે ? બેઠે કામ ન આવે.
સ્વતંત્રતાના રક્ષણ માટે, લલકારી મેદાને,
પડવું પડે વીર બની સાચા, બચાવવાને 'મા'ને.

સ્વતંત્રતા જ ખરી સિદ્ધિ, સમૃદ્ધિ સાચી રિદ્ધિ,
એ સિદ્ધિરિદ્ધિને ભયમાં, રિપુ કોઈ જન નાખે,
હરામ દાનત કોઈ એને, દુઃખી કરવા રાખે.
કાયર બનશો કેમ જ ત્યારે ? આળસ કામ ન આવે.
સ્વતંત્રતાના રક્ષણ માટે, લલકારી મેદાને,
પડવું પડે વીર બની સાચા, બચાવવાને 'મા'ને.

વાટાઘાટ કરો પહેલાં તો, છતાં ન દુશ્મન માને;
લાભ ભલાઈનો લેતાં એ, વધુ વધુ આફત આણે.
કરી કોળિયો જવા દેશને, કદમ ભરે એ ભારે;
ઘડી ચૂકવી ઘટે ન ત્યારે, કામ દીનતા ના'વે,
સ્વતંત્રતાના રક્ષણ માટે, લલકારી મેદાને,
પડવું પડે વીર બની સાચા, બચાવવાને 'મા'ને.

નીતિતણી વાતો જ્યારે, નેકી કામ ન આવે;
કરવી હો ના તોય લડાઈ, છેક બારણે લાવે;
દેશપ્રેમને આવાહન કરે, લલકાર કરે જ્યારે,

પાછી પાની કર્યે ન ચાલે, નહિ તો દાનવ મ્હાલે.
સ્વતંત્રતાના રક્ષણ માટે, લલકારી મેદાને,
પડવું પડે વીર બની સાચા, બચાવવાને 'મા'ને.

* * *

## [૬૦] સ્વચ્છતા

સ્વચ્છતા અમને ખૂબ ગમે, ગંદકી જરી ન પાસે રમે !

વદન અમારે ચોખ્ખાં, તેમજ ચોખ્ખા દાંત અમારા;
ચોખ્ખા નખ ને હાથ અમારા, વસ્ત્રો પણ છે સારાં.
સ્વચ્છતા અમને ખૂબ ગમે, ગંદકી જરી ન પાસે રમે !

ઘર છે ચોખ્ખા, ચોખ્ખા આંગણ, ચોખ્ખી ઘરની શેરી;
નિશાળ ચોખ્ખી, શિક્ષક ચોખ્ખા, બધે સ્વચ્છતાભેરી.
સ્વચ્છતા અમને ખૂબ ગમે, ગંદકી જરી ન પાસે રમે !

વિચાર સારા, વાણી સારી, વર્તન શ્રેષ્ઠ અમારાં;
ભક્ત અમે તો સદ્ગુણકેરાં, ગમે ન કર્મ નઠારાં.
સ્વચ્છતા અમને ખૂબ ગમે, ગંદકી જરી ન પાસે રમે !

પવિત્રતાના અમે ઉપાસક, એજ દેવ ને દેવી;
ગંદી હલકી વાત અમારી પાસે ફરકે કેવી ?
સ્વચ્છતા અમને ખૂબ ગમે, ગંદકી જરી ન પાસે રમે !

સ્વચ્છતા, સ્વસ્થ સુંદર ને સાચા, થઈ સર્વના પ્યારા,
જીવીએ સો વરસ જગતમાં કર્મો કરતાં ન્યારાં.
સ્વચ્છતા અમને ખૂબ ગમે, ગંદકી જરી ન પાસે રમે !

* * *

## [૬૧] માનવતન

કેવો કિરતારનો ઉપકાર, માનવ-તન મળિયું આ;
આખી સૃષ્ટિમાં છે અજોડ, અલૌકિક કરિયું આ.

એનો મહિમા મંદિરથી મોટો, તીરથથી અદકો રે;
એ તો ઉત્તમ પદ ને ધામ, ગાઈ શકે ગુણ કો' રે ?

એ તો મીઠી છે ફૂલવાડી, ફોરમ એની ભારે રહી;
એ તો ફળ છે સત્કર્મોતણું, વિદ્વાનોએ વાત કહી.

આવી સંપત્તિ સંસારે મળે નવ સહેજે રે;
આ તો અમૃતનો ભંડાર, જ્ઞાની એવું કહે છે રે.

એ તો અમુલખ આશીર્વાદ મળ્યો કેમે કરતા હા !
કોઈ પાવન એવું પ્રભાત, પુણ્યો જેમાં પ્રકટ્યાં હા !

આ તો પરમજ્યોતિનો પ્રકાશ, અગ્નિનો અંગારો રે;
એથી ટાળીને અંધાર, પથ કોના ઊજાળો રે.

એનો કરિયે સુંદર ઉપયોગ, દૈવી કરી દઈએ રે;
આપી શાંતિ કરોડોને, અંતે મૂકી જઈએ રે.

* * *

## [૬૨] શાળા વિષે

શાળા અમારી માવડી, એનાં પીએ અમે પિયૂષ રે;
પ્રાણ એ પવિત્રશો કરે.

પામ્યાં શરીર એક માતથી, આપે બીજું શરીર આ માત રે;
આત્મામાં અજવાળાં પાથરે, કરે અંધકારથી મુક્ત જાત રે. ... શાળા.

એકને અમીભર્યે ખોળલે, અમે ખોલી અમારી આંખ રે;
બીજી ખોલે આંખ જ્ઞાનની, તેમ પૂરી પાડે છે પાંખ રે. ... શાળા.

માટીની કાયા છે એકની, ધરે બીજી સોનેરી કાય રે;
બંધન તોડી દે, શાંતિ દે, ક્લેશ કાપે ને આપે છાંય રે. ... શાળા.

વહાલી અમોને માવડી, તેમ શાળા વહાલી ખૂબ રે;
લેતાં મદદ એની પ્રેમથી, આખું જીવન કરીએ શુદ્ધ રે. ... શાળા.

ઉપકાર એના અનેક છે, એને ભૂલી શકીએ કેમ રે ?
સેવા કરીએ સ્નેહથી, બની ઉત્તમ રહીએ તેમ રે. ... શાળા.

શાળા અમારી માવડી, એનાં પીએ અમે પિયૂષ રે;
જેવી રીતે કોઈ ગાવડી, એનાં પોષે છે પાઈ દૂધ રે. ... શાળા.

* * *

## [૬૩] હું છું કાન

હું છું કાન, કાળો કાન, ગોરી ગોપીઓનો કાન,
ગાને ઘેલાંઓનો કાન, પેલા નંદજીનો બાલ કાનુડો !

મને માખણ પર છે પ્યાર, ગમે બંસીસ્વરની ધાર;
હું છું કાન, કાળો કાન, મીઠી બંસીવાળો કાન,
ઘેલી ગાવલડીનો કાન, પેલી જમનાનો બાલ કાનુડો !

મને ગાયો પર છે વ્હાલ, મારી ધીમી ધીમી ચાલ;
હું છું કાન, કાળો કાન, કાળો તોયે ગોરો કાન,
નાનો તોયે મોટો કાન; કાળો કામણગારો કાન કાનુડો !

હું છું કાન, કાળો કાન, માથે મુગટધારી કાન,
સાથે પીછાંધારી કાન, અંગે અંબરધારી બાલ કાનુડો !

મારે ગોપસખાંનો સાથ, મારે ગોપીઓનો સાથ;
હું છું કાન, કાળો કાન, સૌના હૃદયે રમતો કાન,
સૌના હૈયાં હરતો કાન, આખા જગમાં રમતો કાન કાળુડો !

હું છું કાન, કાળો કાન, ગોરી ગોપીઓનો કાન,
ગાને ઘેલાંઓનો કાન, પેલા નંદજીનો બાલ કાનુડો !

* * *

## [૬૪] ધન્ય જિંદગી

જે જીવન થાય સુખી ને સુખને આપે,
જે કષ્ટ કૈંકનાં કાપે,
એ જીવનની કીમત છે સાચે કાંઈ,
એ ધન્ય જિંદગી, ભાઈ !

આ જીવન એક પરબ જાણો,
ને વટેમાર્ગુ માનવ માનો;
જો પાણી પાઈ શકાય એથી કાંઈ,
એ ધન્ય જિંદગી, ભાઈ !

આ જીવનજ્યોત પરમ એવી,
છે અંધકારથી પર જેવી;
અંધાર દૂર કોઈના કરાય કાંઈ,
એ ધન્ય જિંદગી, ભાઈ !

આ જીવન બાગ મહાપ્રભુનો
એનો ગંધભર્યો ખૂણેખૂણો;
એ સુગંધ કોઈ પામે, છાયા કાંઈ,
એ ધન્ય જિંદગી, ભાઈ !

આ નદી વહેતી સૌ માટે,
સૌ સ્નાન કરે એને ઘાટે;
જો વહી શકાયે એમ જ સાચે કાંઈ,
એ ધન્ય જિંદગી, ભાઈ !

આ ઝાડ જુઓ આરામ કરે,
એમાં માળા પંખી કૈંક ધરે;
જો અપાય એમ જ શાંતિ કો'કને કાંઈ,
એ ધન્ય જિંદગી, ભાઈ !

* * *

## [૬૫] શું છોડી દેશો

બાળક, બોલો ભાવે, શું છોડી દેશો ભાવે ?
આ સંસારે, સુખશાંતિ જેથી આવે ?

અહંકાર ને ઈર્ષા છોડો, છોડો કુસંપ ઝેરી;
દંભ તજી દો, કપટ તજી દો, હોળી કટુતા કેરી.
... બાળક, બોલો ભાવે.

ભૂત ભયતણું દૂર કરી દો, ભેદભાવને ત્યાગો;
સ્વાર્થ તજો, મમતાને મારો, છોડો જૂઠા રાગો
... બાળક, બોલો ભાવે.

ક્રોધ તજી દો, લોભ તજી દો, ખોટી વસ્તુ માટે;
આળસ ને અજ્ઞાન તજી દો, અસત્યને સૌ વાતે
... બાળક, બોલો ભાવે.

કઠોરતા, કટુવાણી છોડો, કુકર્મ ત્યાગ કરી દો;
કુવિચાર તજો, કામવાસના, કાયરતા ય હરી લો
... બાળક, બોલો ભાવે.

કૂપમંડુક બનો ના કો'દી, હિંસાભાવ ન રાખો;
છોડી વ્યસનો, ખોટી ટેવો, જ્ઞાનતણો રસ ચાખો
... બાળક, બોલો ભાવે.

* * *

## [૬૬] ઉત્તમતાનો સાર

બાળક બોલો આજ, કે કરશો કેવાં કાજ ?
કોની વૃદ્ધિ ? .... કે મળે શાંતિનું રાજ ?

નિર્ભયતા ને દયા વધારો, સ્નેહભાવને તેમ;
નમ્ર બનીને જીવો જગમાં, સરળ નદીની જેમ
... બાળક બોલો આજ.

વૃદ્ધિ સેવાની કરો, સંપ વધારો જ્ઞાન;
સંયમ ને સ્વાધ્યાય વધારો, ઉત્તમ કરતા પ્રાણ
.... બાળક બોલો આજ.

ક્ષમાભાવ ધીરજને ધારો, કરો હિંમતવિકાસ;
પવિત્રતા, માધુર્ય વધારો, એમાં સુખનો વાસ.
... બાળક બોલો આજ.

નિષ્પાપ અને નિષ્કપટ બનો, સૌનું ચાહો ક્ષેમ;
યત્ન કરો બીજાના હિતના, સધાય છે હિત એમ
... બાળક બોલો આજ.

શ્રદ્ધા, શિસ્ત, ઉદારતા તથા શુભ આચારવિચાર;
શૌર્ય તેમ સાહસની વૃત્તિ, ઉત્તમતાનો સાર.
... બાળક બોલો આજ.

* * *

## [૬૭] સૌથી શું પ્યારું

સૌથી શું પ્યારું, તુજને, સૌથી શું પ્યારું ?

સૌથી પ્યારા પરમાત્મા છે, જેનું રૂપ રૂપાળું;
મંગલ મીઠું નામ જેમનું, તોડે બંધનતાળું.
સૌથી શું પ્યારું, તુજને, સૌથી શું પ્યારું ?

માતપિતા છે સૌથી પ્યારાં, શે ઉપકાર વિસારું ?
ભૂલાયે શે સ્નેહ એમનો ? જીવન આખું પાળું.
સૌથી શું પ્યારું, તુજને, સૌથી શું પ્યારું ?

જ્ઞાનઆંખ આપીને જેણે ટાળ્યું ઉર અંધારું;
કળા શીખવી જીવન કેરી, એમના ઉપર વારું !
સૌથી શું પ્યારું, તુજને, સૌથી શું પ્યારું ?

દેશતણાં વાસી છે પ્યારાં, ભાવ ઘણોયે ધારું;
એ સૌના સુખ માટે મારી મિલ્કત સઘળી હારું.
સૌથી શું પ્યારું, તુજને, સૌથી શું પ્યારું ?

વિશ્વ ખરેખર પ્યારું મુજને, ઉત્તમ ને રઢિયાળું;
પરમાત્માના પ્રતિબિમ્બસમું, સ્વરૂપ એમનું ચારુ.
સૌથી શું પ્યારું, તુજને, સૌથી શું પ્યારું ?

છતાં નથી મમતા કોઈમાં, મોહ મનથકી મારું;
સર્વ છતાં કાંઈ પ્યારું, એ પદ 'મા'નું ન્યારું.
સૌથી શું પ્યારું, તુજને, સૌથી શું પ્યારું ?

* * *

## [૬૮] ખેડૂતની સેવા

એક તાત છે દુનિયા કેરો, બીજો તાત મનુષ્ય કહ્યો;
તે મનુષ્ય ખેડૂત ગણાયે, જેણે તડકો ખૂબ સહ્યો.

ટાઢતાપ વેઠીને જેણે પરિશ્રમ સદા ઘોર કર્યો;
પાક એહનો આખા જગને, એણે હસતાં સર્વ ધર્યો.

રાતદિવસ ના જોયાં એણે, જોયાં સુખ કે દુઃખ નહીં;
જીવન આખું સેવા કરતાં, ધરતી કેરું ગયું વહી.

વરસાદ ભલે વરસે તો પણ, હિંમત ના હારે કો'દિ;
પવનતણા સુસવાટા માંયે, જાય ખેતરોમાં દોડી.

બળદ એહના સાથી સાચા, એ એની જીવાદોરી;
અનાજ પકવે એની મદદે, આળસની કરતાં હોળી.

સેવા લે સઘળાયે એની, જીવન એ સૌને આપે;
કેમ ગમે આપણને, જો એ દુઃખમહીં દિવસો કાપે?

કંગાળ જ જો હોય એ, વળી અક્ષરજ્ઞાન રહિત હોયે;
શરમ ગણાયે દેશતણી તો, દેવાદાર બને તોયે.

માટે એની સેવા માટે, તૈયારી સઘળીય કરો;
એની સેવા લઈ એહને, જીવનની રસલ્હાણ ધરો.

* * *

## [૬૯] કોસ

આ કોસ કહોને કેવો ?

ફૂવામાંથી પાણી ભરતાં ઠલવે ખેતરકાજ;
મૂંગી એની સેવા કોઈ જોઈ લેજો આજ.
એ સેવક સાચો એવો. ... આ કોસ.

રેલમછેલ કરે ખેતરને, પકવે તેમ અનાજ;
એના સહકાર વિના ન રહે ખેડૂતતણી લાજ.
એને ધન્યવાદ છે દેવો ... આ કોસ.

રાતે ચાલે, દિવસે ચાલે, સદાય સુખમાં મ્હાલે;
દે આખા જગને મેવો ... આ કોસ.

ચામડા થકી બન્યો છતાંયે, સુવર્ણરૂપ ઠર્યો;
એનો જશ છે જોવા જેવો ... આ કોસ.

જન્મ સફળ છે સંપૂર્ણ કર્યો, ઉત્તમ મંત્ર ધર્યો;
આ જન્મ સફળ હો તેવો ... આ કોસ.

* * *

## [૭૦] ધરતીનાં ફૂલ

એક ફૂલ ઉપવનમાં ઊગે, બીજા ચેતન ફૂલ;
બાળક નામ ફૂલડાંનું એ, સાચેસાચ અમૂલ.
બાળ આ ધરતી કેરાં ફૂલ, એમાં ખરે નથી કૈં ભૂલ.

એક ઝરણ જંગલમાં દોડે, બીજાં ઝરણ સજીવ;
બાળક નામ ઝરણકેરું એ, કેવાં સુંદર શિવ ?
બાળ આ ધરતી કેરાં ફૂલ, એમાં ખરે નથી કૈં ભૂલ.

એક તારલા છે આકાશે, બીજા તારક બાળ;
ટમટમી રહ્યા દિવ્ય તેજથી, પેદા કરી વહાલ.
બાળ આ ધરતી કેરાં ફૂલ, એમાં ખરે નથી કૈં ભૂલ.

એક જ્યોત મંદિરમાં જાગી, બીજી બાળક જ્યોત;
પ્રકાશ ભરતી ઘરમાં કેવો, કરે શોકનું મોત.
બાળ આ ધરતી કેરાં ફૂલ, એમાં ખરે નથી કૈં ભૂલ.

* * *

## [૭૧] કોયલ, એવું બોલ !

ઓ કોયલ, એવું બોલ !

કળામય કરી કૂજન તારાં, કૈંક કાળજા ખોલ;
કવિઓનાં અંતરમાં તારું, દૈવી અમૃત ઢોળ !
.... ઓ કોયલ.

મોહિત થાય બધાંયે માનવ, એવું મીઠું બોલ;
શાંત થાયે મનઅંતર સૌના, એવો કર કિલ્લોલ.
... ઓ કોયલ.

ઉદાસ પામે આનંદ મળે, જડને પ્રાણ અમોલ;
ચિંતા મટે, વેદના જાયે, ટળે કલેશ ને શોર.
... ઓ કોયલ.

સંપ તેમ સહકારમંત્ર દે, દે રસ કેરી છોળ;
ટહુકાર કરી કરી બધાંના, ચિત્ત ભલે તું ચોર.
... ઓ કોયલ.

* * *

## [૭૨] પોપટને

પોપટ, તને પૂર્યો પીંજરે કેમ ?

વનવગડાના વિહારીને શાને, કીધો કેદી જેમ ?
પૂરનારાને પૂરાવું ગમે ના, પૂર્યો તને તો કેમ ?
... પોપટ, તને.

ઉપવનમાં તું ઊડતો, ગાતો, કિલ્લોલ કરતો તેમ;
બંધ કરી દીધો આમ તને કાં ? આવી જરી ના રે'મ ?
... પોપટ, તને.

ખવડાવે, પીવડાવે, ને વળી લાખ બતાવે પ્રેમ;
મુક્તિની તોલે ના'વે છતાંયે, પીંજર ભલે હો હેમ.
... પોપટ, તને.

રોજ પ્રભાત થતાં ઊડતો તું, લેશ ગમે કેદે કેમ ?
ક્યાં તારી મેના ને ક્યાં તું વસે છે ? માનવના બંદી જેમ.
... પોપટ, તને.

લાવ તને દઉં છોડી હવે તો, થાય કે તારું ક્ષેમ;
પૂરાયલાને છોડવા માટે, સાચે છે મારી નેમ.
... પોપટ, તને.

* * *

## [૭૩] મોરની કળા

મોર, તારી કેવી કળા ? હે મોર, તારી કેવી કળા ?
હે મોર, તારી કેવી કળા ?
પાંખને ખોલીને કરતો કળા ત્યારે, સોહે છે કેવી ધરા ?
મોર, તારી કેવી કળા ? મોર, તારી.

કોણે રંગ્યાં તારાં પીછાં ઓ મોરલા, કોણે ઘડ્યા એના ઘાટ ?
કોણે કળા કરતાં શીખવાડ્યું ? કોણે પાડી તારી ભાત ?
નાચતો થનગન કરતો ત્યારે, દિલડું ડોલે છે જરા.
મોર, તારી કેવી કળા ? મોર, તારી.

કોણે દીધો તને કંઠ ઓ મોરલા, કોણે દીધી તને પ્રીત ?
વરસાદી વાદળાં જોઈને નાચે, ગાતાં ગાતાં તારું ગીત.
નાચતો ત્યારે નાચે છે ઢેલ યે, રંગાઈ હરખે નરા.
મોર, તારી કેવી કળા ? મોર, તારી.

જોટો જડે તારો ક્યાંયે ના મોરલા, શોભા તણા શણગાર !
ખેતરે, ગામડે, ટહુકા કરે તો, સુખનો રહે ના પાર.
ચિંતાને તરવાની, રસ સૌને ધરવાની, શીખવી દે અમને કળા.
મોર, તારી કેવી કળા ? મોર, તારી.

* * *

## [૭૪] સારસ પક્ષી

ઊંચીઊંચી ચાંચ કરીને, ગરદન ઊંચી રાખે,
મંદમંદ ચાલે ચાલીને, તીણું કાંઈ ભાખે,
સ્નેહ ભરેલાં પંખીડાં એ, સારસ એનું નામ;
સરિતાના તટ પર ફરવાનું, ખાસ એમનું કામ.

પાંખ પહોળી કરતાં ઉડે, ગગન તરફ એ જાયે;
નીલ રંગનાં પંખી જોઈ, રંગ ન હૃદયે માયે.
સ્નેહ ભરેલાં પંખીડાં એ, સારસ એનું નામ;
ખેતર ને વનમાં ફરવાનું, ખાસ એમનું કામ.

જોડાંમાં એ પ્રીત કરીને, રમત રમે છે કેવાં ?
મુસાફરોને ઊંચી ડોકે, દેખે પ્રસન્ન જેવાં.
સ્નેહ ભરેલાં પંખીડાં એ, સારસ એનું નામ;
કવિના દિલમાં ધરે પ્રેરણા, એજ એમનું કામ.

મારશો નહીં કોઈ એને, સતાવશો ના ભાઈ !
નિર્દોષતણી હત્યાથી ના હાથ આવતું કાંઈ.
સ્નેહ ભરેલાં પંખીડાં એ, સારસ એનું નામ;
વિહાર કરતાં નદી કિનારે, ખેલો ભલે તમામ !

* * *

## [૭૫] ચ ક લી

ચીંચીં કરતી ચકલી આવી, ચણ ખાવાને કાજ,
આંગણિયામાં મળી ટોળલે, ઉડાડો ના આજ.

ઘૂ ઘૂ સ્વરમાં ગાતાં આવ્યાં, અનેક કબુતર આ;
દાણો ખાતાં સંપી કેવાં ? ઈર્ષા કરતાં ના.

કુદરતને ખોળે ફરનારી, ખિસકોલી બે-ચાર,
ફરી રહી છે સૌની સાથે, ભેદતણો ન વિચાર.

અનાજ નાખ્યું પરબડી મહીં, એથી આવ્યાં સૌ;
સૌ છે ભેગાં થયાં છતાંયે. એક જ લાગે સૌ.

આવી રીતે સંપ કરીને, સૌએ વાસ કરે;
ખાય, ભોગવે, ભેગાં મળતાં, રસ સૌને ય ધરે.

કેવી પૃથ્વી બની જાય તો ? લડવાનું ન રહે;
પ્રભાત ખીલે સુખશાંતિનું, સૌ આનંદ લહે.

આવો, આ પંખી પાસેથી, પાઠ શીખવા આજ;
ભેગાં મળી રમો સૌ સાથે, કરશો ના'જ અવાજ.

* * *

## [૭૬] હે ખિસકોલી !

હે ખિસકોલી, ખિસકોલી,
કોણે પાડ્યા તારા ચટાપટા ?

કોમળ તારી કાયા પરે કોણે હાથ મૂક્યો હેતમાં ?
કોણે પાડ્યાં આ નિશાન તારાં ? પગલાં જાણે રેતમાં.
હે ખિસકોલી, ખિસકોલી,
કોણે પાડ્યા તારા ચટાપટા ?

કોણ હશે એનો કલાકાર કે ચિત્રકાર પણ કોણ રહે ?
કોણે કરી એની કલ્પના હશે ? જોનારા સુખ શું લહે;
હે ખિસકોલી, ખિસકોલી,
કોણે પાડ્યા તારા ચટાપટા ?

ખેલવા માટે આવે ત્યારે હરખ અમને થાય છે;
દોડીએ તારી પાછળ ત્યારે કેવી દોડી તું જાય છે ?
હે ખિસકોલી, ખિસકોલી,
કોણે પાડ્યા તારા ચટાપટા ?

આવ, તને હું હાથ ફેરવું, ભોજન આપું ભાવતું;
તારા વિના મને એકલું રમવું સાચું કહું ના ફાવતું.
હે ખિસકોલી, ખિસકોલી,
કોણે પાડ્યા તારા ચટાપટા ?

* * *

## [૭૭] મેના પોપટ

લીલા પીળા મેના પોપટ, રમવા માટે આવો,
ઊડી બેસી તરુવર ડાળે, મીઠા સ્વરથી ગાવો !
.... લીલા પીળા.

બીક ન રાખો કોઈનીયે, અવની આખી શ્રી પ્રભુની છે;
મિત્ર ન કોઈ, શત્રુ ન કોઈ, બધે છબી એની જ પડી છે.
... લીલા પીળા.

રૂપ તમારું છે રઢિયાળું, ચાંચ વળી છે ન્યારી;
પાંખ બની છે કોમળ કેવી ? વાણી પણ છે સારી.
... લીલા પીળા.

છેક સવારે રમવા આવો, મજા પડે તો ભારે;
રમવાના આ દિવસો મીઠા, પછી આવશે ક્યારે ?
.... લીલા પીળા.

* * *

## [૭૮] એક અમારો ભારત દેશ

એક અમારો ભારત દેશ.
ભાષા ભલે ભિન્ન હો એમાં,
ભલે જુદા હો એમાં વેશ.
... એક અમારો.

જુદા રિવાજો, રૂચિ ને રાગો,
જુદાજુદા છે લોક અનેક;
આત્મા તો પણ એક જ એમાં,
યાદ રહે એ વાત હંમેશ.
... એક અમારો.

નદી, પ્રવાહો, અનેક એમાં,
અનેક ડુંગર, તીર્થ અનેક;
નગરો, ગામો, જીલ્લા, રાજ્યો,
તો પણ ભેદ ન લાગે લેશ.
... એક અમારો.

એક જ ધરતી, એક જ લોહી,
ઋતુ ને કુદરત એની એક;
એક જ લગની, એક ભાવના,
એક જ માથાના સૌ કેશ.
... એક અમારો.

* * *

## [૭૯] મુસાફરી

મુસાફરી, મુસાફરી, એક નવી છે મુસાફરી.

દેશ બધોયે બેઠો થાયે, શાંતિ સૌને મળે ખરી;
સૌને સુખ હો, દૂર દુઃખ હો, તે માટેની મુસાફરી.
... મુસાફરી.

ગઈ ગુલામી પાછી ના'વે, રોજી સૌને રહે મળી;
માનવ સાચા બને બધાયે, તે માટેની મુસાફરી
... મુસાફરી.

શિક્ષણ ને સંસ્કાર બધે હો, દર્દ બધાંયે રહે ટળી;
એ માટેની કૂચ કરે સૌ, તે માટેની મુસાફરી
... મુસાફરી.

હડધૂત રહે કોઈયે ના, દબાયલાં કે દીન વળી;
અનીતિ કે અન્યાય રહે ના, તે માટેની મુસાફરી
... મુસાફરી.

સહકાર કરો સૌએ એમાં વાત કહી છે આજ ખરી;
કાયાપલટ થઈ તો જાયે, પૂરી થાયે મુસાફરી
... મુસાફરી.

* * *

## [૮૦] ચાંદલિયો

ચાંદલિયો કોણે રચ્યો પેલા ચોકમાં ?
એ તો સોહે ગગનના ગોખમાં.
ચાંદલિયો કોણે રચ્યો પેલા ચોકમાં ?

અમૃતભરેલું એનું અંગ ખરે આખું,
સુંદર કરવામાં એને બાકી ના રાખ્યું;
એ તો દૈવી દીવો નભલોકમાં.
ચાંદલિયો કોણે.

કોઈ છે પદ્મ જાણે પ્રકટ્યું આકાશમાં.
કોઈક ફૂલ રહ્યું ખીલી સુવાસમાં;
જાણે ઉગ્યો આનંદ સ્વયં શોકમાં.
ચાંદલિયો કોણે.

ઈશ્વરની આંખ જાણે જગને જોઈ રહી;
આત્માની સાથ જાણે રજની સોહી રહી,
કોઈ બાળક હસી રહ્યું વ્યોમમાં.
ચાંદલિયો કોણે.

આનંદ કેવો એ અંતરને આપે ?
રશ્મિ રેલીને વ્યોમ પૃથ્વીને માપે;
એનાં ગીતો ગવાય કવિલોકમાં.
ચાંદલિયો કોણે.

રસ ને પ્રસન્નતાને એમ ભરી પ્રાણમાં,
સોહી રહીએ અમે દૈવી કો' ધ્યાનમાં;
એ આકાશે અને અમે ભોમમાં.
ચાંદલિયો કોણે.

* * *

## [૮૧] ગુલાબનું ફૂલ

આ ગુલાબ કેરું ફૂલ.

ખીલ્યું કેવુ કાંટામાંયે ? આનંદે મશગૂલ;
શોક કરે ના, રડે જરા ના, ઉડે છોને ધૂળ.
... આ ગુલાબ કેરું ફૂલ.

હસી રહ્યું હૈયેથી કેવું ? કેવું થયું પ્રફુલ્લ?
ભમરાઓ ભેટે છે એને, એમાં ના કૈં ભૂલ.
... આ ગુલાબ કેરું ફૂલ.

જોતાંવેંત જ આકર્ષી લે, એવું રૂપ અમૂલ;
મનને મોહિત કરે રંગથી, હોય ભલેને દૂર.
... આ ગુલાબ કેરું ફૂલ.

વિકાસ કરિયે, હસી રહીએ, જેમ હસે આ ફૂલ;
હારીએ ના હિંમત, છોને ચોપાસે હો શૂળ.
... આ ગુલાબ કેરું ફૂલ.

* * *

## [૮૨] રાતરાણી

ગયાં બધાં બીડાઈ, પોઢી, એક છતાં જાગે,
રાતે એને ઉજાગરાની ટેવ પડી લાગે.
ઓળખી શકો તમે એહને ? કેમ કહો જાગે ?
રાતતણી એ રાણી, એનું અંગ ભર્યું રાગે.

કોમળ કેવી કાયા એની, સુવાસને છોડે,
મહેંકી રહે વન આખું યે, દિલડું ને દોડે;
ઓળખી શકો તમે એહને ? કેમ કહો જાગે ?
રાતરાણી એ રાણી, એનું અંગ ભર્યું રાગે.

યોગી જેવા રાતે જાગે, ધ્યાન ધરે કોઈ,
તેવી રીતે ધરે ધ્યાન આ, ઘડી ખરી જોઈ;
ઓળખી શકો તમે એહને ? કેમ કહો જાગે ?
રાતરાણી એ રાણી, એનું અંગ ભર્યું રાગે.

કિરણો એની સાથે ખેલે, ચંદ્રતણાં કેવાં ?
વાયુદેવતા પણ એનાથી, થાય મસ્ત જેવા.
ઓળખી શકો તમે એહને ? કેમ કહો જાગે ?
રાતરાણી એ રાણી, એનું અંગ ભર્યું રાગે.

દુનિયા જાણે કે ના જાણે, કરે છતાં સેવા,
આપે યશ કોઈ, ના આપે, માન વળી મેવા.
ઓળખી શકો તમે એહને ? કેમ કહો જાગે ?
રાતરાણી એ રાણી, એનું અંગ ભર્યું રાગે.

* * *

## [૮૩] સૌથી સારું

સૌથી શું સારું ? કહોને, સૌથી શું સારું ?

સ્વર્ગતણા ગુણ ઘણા ગવાયે, એ છે રઢિયાળું;
મોજશોખનો પાર ન એમાં, સુખ એમાં ન્યારું.
... સૌથી શું.

ઘડપણ એમાં નહીં, રોગ ના, બંધનનું તાળું;
ચિંતા કોઈ રહે નહીં ત્યાં, દુ:ખ જ ક્યાં વારૂ ?
... સૌથી શું.

મોક્ષ વળી છે ઉત્તમ માન્યો, જ્ઞાનીને ચારુ;
બીજા કૈંક કહ્યા છે લોકો, આ વિશ્વે ચારુ;
... સૌથી શું.

બોલ્યાં બાળક એ સાંભળતા, આ જ જગત સારું;
સ્વર્ગ સમાયું એમાં, તેમ જ મોક્ષ મળે ચારું.
... સૌથી શું.

દુ:ખદર્દને દૂર કરીને, જગત કરો ન્યારું;
ઈશ્વર પણ અવતાર અહીં લે, આજ જગત સારું.
... સૌથી શું.

* * *

## [૮૪] લડાઈ કેમ કરે છે ?

મા, લડાઈ કેમ કરે છે ? ભેગા કરી ભયંકર ગોળા,
લોક મળીને ટોળેટોળા; નાશ સર્વનો કેમ કરે છે ? ... મા, લડાઈ.

લાભ થાય લડવાથી કાંઈ ? નુકશાન વધારે એમાંહી;
તો પણ દુશ્મન બનતાં ભારે, પરસ્પર લડી કેમ મરે છે ? .... મા, લડાઈ.

ભણ્યાગણ્યા, મોટાય થયા છે, આગળ વધી ઘણાય ગયા છે;
તો પણ હાથે કરી કહેને, હોળી સૌની કેમ કરે છે ? ... મા, લડાઈ.

લાખો લોકો જેથી મરતા, ધનવૈભવ ના પાછાં ફરતાં;
એવી લડે લડાઈ તેને, હાર, માન કે કેમ ધરે છે ? ... મા, લડાઈ.

ઝઘડા તો ઘરમાંયે થાયે, ગરમ મગજ તારું યે થાયે;
શાંતિ રાખવાને બદલે પણ, મારે છે ને કેમ મરે છે ? ... મા, લડાઈ.

અમે લડીએ તો તું મારે, ખાવા ના આપે કો' કાળે;
મોટા થઈ લડે છે આ સૌ, માન એમનું કેમ કરે છે ? ... મા, લડાઈ.

ઝઘડા બધા પતાવી સૌ દે, જુઠાનો પક્ષ જ ના લે;
દરેક દિવસે એને બદલે, શસ્ત્રો ભેગાં કેમ કરે છે ? ... મા, લડાઈ.

મોટો થઈ કહું લોકોને, અરે, લડાઈને રોકોને;
લડો, લડાવો, તમે બધા પણ, હૈયું મારું રડી મરે છે ! ... મા, લડાઈ.

* * *

## [૮૫] લડવાને બદલે

લડવાને બદલે સૌ આવો સંપ થકી રહેવા,
અશાંતિમાં મરતાંને વાતો શાંતિતણી કહેવા.

વેર રાખતા તેને આપો અમૃત જેવો પ્રેમ,
ઝેર ભલેને રાખે કોઈ, ઝેર રાખવું કેમ?

ભલે કહે અપશબ્દો બીજા સારા શબ્દ કહો;
તિરસ્કારને ત્યાગ કરીને જગમાં રોજ રહો.

મદદ કરો બીજાને હેતે, સુખ સૌને આપો;
કડવાશ કરો દૂર બધીયે, કુસંપને કાપો.

દુનિયાને દૈવી કરવાની તક છે આજ મળી;
આખી સૃષ્ટિને સ્વર્ગથકી સારી રહો કરી.

લડવાને બદલે સૌ આવો સંપથકી રહેવા,
અશાંતિમાં મરતાંને વાતો શાંતિતણી કહેવા.

* * *

## [૮૬] ફુવારા, ફુવારા

ફુવારા, ફુવારા, ભરેલા રસે છો;
હસો, રોજ ઊડો, રડે માનવી છો !

તમે રોજ ધારા તમારી વહાવો,
કરો ગેલ ને ગેલ સૌને કરાવો;
નથી થાક, ચિંતા તમોને નથી કો',
ફુવારા, ફુવારા, સદાયે સુખી છો.
... ફુવારા.

મળ્યા આટલો હર્ષ ક્યાંથી તમોને ?
થતો પ્રશ્ન જોઈ ખરેખર અમોને;
તમે કર્મ કેવું મજાનું કરો છો ?
હજારો જનોને અમીથી ભરો છો.
... ફુવારા.

તમોને નિહાળી અમોને ય થાયે,
અમોને મળી હર્ષ આવો જ જાયે;
હસીએ, રમીએ, કરી કામને તો,
મળે દિવ્ય આનંદ તો શોક ના હો.
.... ફુવારા.

* * *

## [૮૭] ઈશ્વર, એવું દે !

ઓ ઈશ્વર, એવું દે !

હજાર યત્ન કરીએ તો પણ કામ થઈ ના રે',
નિરાશા જ દેખાય બધેયે, નિષ્ફળતા બસ કે;
છતાંય નાસીપાસ ન બનિયે એવી આશિષ દે !
.... ઓ ઈશ્વર, એવું દે !

ચારે તરફ અશાંતિ જ લાગે, શાંતિ મળે ના શેં,
ચિંતા હોય ઘણીયે મોટી, શાંતિ લઈ તે લે,
છતાંય હિંમત ના હારીએ, એવી આશિષ દે !
.... ઓ ઈશ્વર, એવું દે !

સુધારિયે બીજાનું પણ એ ગાળો અમને દે,
નિંદા કરે, વગોવે, રાખે વેર વળી સૌ તે;
છતાંય પ્રેમ ન ખૂટે હૈયે, એવી આશિષ દે !
.... ઓ ઈશ્વર, એવું દે !

દુઃખ પડે, ને મુસીબતોનો પાર જરા ન રહે;
છતાંય અડગ રહીને ધપિયે, એવી આશિષ દે !
.... ઓ ઈશ્વર, એવું દે !

* * *

## [૮૮] વહેલી સવાર

વહેલી સવાર, મીઠી મજાની વહેલી સવાર !

મંદમંદ વાયુ વાય, તારલિયા ગીત ગાય;
ફરવા જવાથી કેવો આનંદ થાય ?
વસતી બહાર, નદીસાગરની પાર,
વહેલી સવાર, મીઠી મજાની વહેલી સવાર !

ઉઠે સૂરજ એની પહેલાં જ ઉઠીએ,
પ્રાર્થના કરીને જરા આનંદ લુંટીએ;
કરિયે વ્યાયામ પછી બનીએ તૈયાર,
વહેલી સવાર, મીઠી મજાની વહેલી સવાર !

ઉડે વિહંગ વળી, તે વખતે પાઠ કરી,
લેવાથી યાદ રહે કેવો સૌ સાર ?
વહેલી સવાર, મીઠી મજાની વહેલી સવાર !

તાજગીને આપતી, દળદરને કાપતી,
કેવી રસીલી વહેલી સવાર !
વહેલી સવાર, મીઠી મજાની વહેલી સવાર !

* * *

## [૮૯] ગુરૂને વંદન

અમોને જ્ઞાન દેનારા ગુરૂને લાખ વંદન હો !
સદાયે જ્ઞાન દેનારા ગુરૂને લાખ વંદન હો !

કહ્યા છે જેમને બ્રહ્મા, કહ્યા વિષ્ણુ વળી શંકર,
કહ્યા છે દેવ જેવા, તે ગુરૂને લાખ વંદન હો !
.... અમોને.

કહ્યા ઈશ્વરસમા જેને દયા ને જ્ઞાનના દરિયા;
સદાયે શાંતિમૂર્તિ તે ગુરૂને લાખ વંદન હો !
.... અમોને.

પરમ આનંદ પામ્યા જે, સુખ વળી આપતા સૌને,
ભર્યા સદગુણ થકી દૈવી, ગુરૂને લાખ વંદન હો !
.... અમોને.

નવી જે આંખડી આપે, યુગોના કષ્ટને કાપે;
કૃપાથી મુક્તિ દેનારા, ગુરૂને લાખ વંદન હો !
.... અમોને.

* * *

## [૯૦] પ્રાર્થના

અમે કરીએ પ્રાર્થના, ના મંજૂર કરો તે,
નિરાશ તો પણ થઈએ નહીં, કૃપા કરી દો એ !

અમે ચહીએ એ ના આપો તો પણ થાય ન શોક,
આશિષ આપો, અમે કદી ના આંસુ સારિયે ફોક.

અમે કરીએ પ્રાર્થના, ન લક્ષમાં લો તે,
બીજું થાય છતાં ના ડગિયે, કૃપા કરી દો એ

સારું શું તે ના સમજ્યાથી, માગીએ કૈં વાર;
આપો ના, ત્યારે પણ શ્રધ્ધા છોડીએ ન લગાર.

અમે કરીએ પ્રાર્થના, કૈં ઈચ્છા રાખીને;
સફળ ન થાયે તોય બેસીએ આહ ન નાખીને.

અમે કરીએ પ્રાર્થના, ના મંજૂર કરો તે,
નિરાશ તોપણ થઈએ નહીં, કૃપા કરી દો એ.

* * *

## [૯૧] ઈશ્વર સ્તુતિ

એવી બુદ્ધિ દો અમને કે ભલું અન્યનું એથી થાય;
ભૂલે ચૂકે પણ બીજાના બૂરા માટે ના વપરાય.

એવી શક્તિ દો અમને કે હિત બીજાનું એથી થાય;
ભૂલે ચૂકે પણ બીજાના વિનાશ માટે ના વપરાય.

એવી લક્ષ્મી આપો અમને, જેથી દળદર સૌનું જાય;
બીજાની પણ સેવા થાય, સૌના શુભ માટે વપરાય.

એવું જ્ઞાન અને બળ આપો, મદદ કરે જે સૌને નાથ !
અમને તારે શાંતિ વળી દે, બીજાને પણ આપે સાથ.

જોમ જિંદગીમાં આપો કે લભિયે દિવ્ય તમારો પ્રેમ;
વરસાવીયે જગમાં સઘળે, સૌના મંગલ માટે તેમ.

* * *

## [૯૨] પરમાત્મા

કોણ ગગનમાં વાદળ બનતાં, વિહરે ને વૃષ્ટિ કરતા ?
કોણ ટમકતા તારક રૂપે, ચંદ્ર બની અમૃત ભરતાં ?
.... કોણ.

કરોડ કિરણો ફેલાવીને, પૃથ્વીને જીવન ધરતાં
કોણ હસે આકાશ બનીને, આશ્રય સૌનેયે ધરતા ?
... કોણ.

ફૂલોમાં ફોરમ ફેલાવે, પંખીડાને પાંખ ધરે;
કોણ ગાય છે સાગરમાંથી ? વહન નદીમાં કોણ કરે ?
... કોણ.

કોણ અંગમાં આત્મા બનતા, ચેતન દિવ્ય વળી ધરતાં ?
કોણ ગંધ બનતાં ધરતીમાં, લોકોને ધારણ કરતા ?
... કોણ.

વ્યાપક આખા વિશ્વમહીં એ, પરમાત્મા જ્ઞાની કહેતા;
ધ્યાન કર્યે દેખાયે દિલમાં, પ્રકાશને રૂપે રહેતા.
... કોણ.

* * *

## [૯૩] જો શક્તિ દે

જો ઈશ્વર મુજને શક્તિ દે,
જો ખૂબ જ મોટી શક્તિ દે.

તો દુઃખ કૈંકનાં દૂર કરું,
કે ક્લેશ એમના કોટિ હરું;
પૃથ્વીને પ્રેમમયી કરવા,
તો દૂત થઈને દિવ્ય ફરું ... જો ઈશ્વર.

તો રોગ મટાડી ઘોર દઊં,
માનવને મંગલ મંત્ર કહું;
જ્યાં હોય અશાંતિતણી લહરી,
ત્યાં શાંતિ પવન રૂપે જ વહું ... જો ઈશ્વર.

તો કુસંપ સર્વે દૂર કરી,
ને સહકાર તણા ભાવ ભરી,
યુદ્ધ તણી જ્વાળા શાંત કરું,
ઐક્ય તણા આપું પાઠ વળી ... જો ઈશ્વર.

આ સૃષ્ટિ સ્વર્ગ સમાન કરું,
માનવને માનવ સત્ય કરું;
આનંદ પછી થાયે કેવો ?
તો માનું જીવનપર્વ ખરું ... જો ઈશ્વર.

* * *

## [૯૪] કમળ

જુઓ કળા આ કુદરતની, કાદવમાં આ ખીલી કેવી,
ચારૂ પાંખડી કમળ તણી ! જોવા જેવી ખરે બની.
... જુઓ.

વન આખું યે સુંદર લાગે, ધારીને જાણે નથણી,
ભમરા કેવા ભમ્યા કરે છે, માયાવાળા મંત્ર ભણી ?
... જુઓ.

કોમળ કેવી કાયા એની ? કોમળતાને છેક વણી;
જોઈ જોઈ આંખ ન થાકે, મજા પડે છે આજ ઘણી.
... જુઓ.

એમ થાય કે એના જેવાં, અમે રહીએ બધાં બની;
જન્મ્યાં જગમાં છતાં અમોને, અસર થાય ના જગતતણી.
... જુઓ.

* * *

## [૯૫] નદીઓ

નદીઓ છે અનેક કહી અમારા દેશ ભારતની.

વહે ગંગા અને જમના બરફના પર્વતો પરથી,
વહે છે બ્રહ્મપુત્રા, સિંધુ સતલજ, ભીંજવી ધરતી.

નદી જેલમ અને રાવી, ચિનાબ, ઈરાવતી જેવી,
વળી છે નર્મદા, તાપી, નદીઓ સિંધુ હો એવી.

જુઓ સાબરમતી, વાત્રક, વળી ગોદાવરી કેવી ?
બની છે તેમ કાવેરી ખરે દક્ષિણની દેવી.

અનેક વહે વળી નાની અને મોટી નદી દેશે,
છતાં પણ દેશ એક જ છે, ન એમાં ભેદ છે લેશે.



* * *

# [૯૬] ઈશ્વરની દુનિયા

ઈશ્વરની દુનિયા કેવી મજાની છે ? એમાં ખોડ ન કાંઈ છે.
... ઈશ્વરની.

રસીલી, રઢિયાળી ને રંગે ભરેલી છે, ચેતનવાળી છે;
રાસ રમાયે એમાં મજાના; દેવોને પ્યારી છે.
... ઈશ્વરની.

ભેદ ભરેલી તોયે ભેદભાવથી વિહોણી, ખૂબ જ સારી છે;
પળેપળે પલટાયે, નષ્ટ ના છતાં યે થાયે, સાચે જ ન્યારી છે.
... ઈશ્વરની.

રાખીએ ન્યારી એને, રંગભરેલી એને, શાંતિ છલેલી ને;
ભૂલેચૂકે ના એને બગાડી દઈએ, રાખીએ આશા એ.
... ઈશ્વરની.

* * *

## [૯૭] પર્વતમાળા

મુકુટસમાન હિમાલય શોભે, વિંધ્યાચલ પર્વત કેવો ?
આબુ અને અરવલ્લી પર્વત, પર્વત સાતપુડા જેવો.

માળા નીલગિરિતણી વ્યાપી, કરતાં જાણે કૈંક વિચાર;
નાની મોટી ડુંગરમાળા, ગણી શકાયે ના જ અપાર.

ગિરનાર વળી સહ્યાદ્રિની, ડુંગરમાળા ચિત્ત હરે;
ડુંગર દેખી દેશતણા એ, સાચે મારું હૈયું ઠરે.

અડગ બની એ પર્વત જેવો, કરું દેશકેરી સેવા;
જોઉં જ્યારે પર્વત ત્યારે, વિચાર આવે છે એવો.

* * *

## [૯૮] વાંસળી એવી વગાડો

વાંસળી એવી વગાડો આજ તો રે
સૂકાં હૈયામાં રસ ઊભરાય,
ઊના અંતરમાં શાંતિ છવાય,
.. વાંસળી એવી.

વેરના વાયરા બધે વાયા કરે રે;
ત્યાં તો પ્રેમ ને પ્રેમ પથરાય,
સંપની લહરી બધે લહરાય;
.. વાંસળી એવી.

કેવી કડવાશ આ સઘળે દિસે રે;
એને કાઢે કાયમને કાજ,
મીઠાશ ફેલાવે આજને આજ.
.. વાંસળી એવી.

માનવીને માનવતાના મંત્ર દે રે;
આપે એકતા કેરા પાઠ,
મારે ભેદભાવની જે વાત;
.. વાંસળી એવી.

વાંસળી ધરતી આ એવી માગતી રે;
જીવન ઉત્તમ જ્યારે આ થાય,
ત્યારે આનંદ એનો ના માય.
.. વાંસળી એવી.

* * *

## [૯૯] વસંત કેવી

વસંત કેવી ? સુંદર એવી,
નવજીવનની જનની જેવી !

રસની સઘળે ઊડે છોળ,
હર્ષ છવાયે ચારેકોર;
વસંત એવી, સુંદર એવી,
રસના કો'ક ખજાના જેવી !

ઝાડપાન નૂતન દેખાય,
નવો પ્રાણ સઘળે પેખાય;
શોક જણાયે ક્યાંય નહીં,
મીઠી લાગે આજ મહી.

વસંત કેવી ? સુંદર એવી,
નવજીવનની જનની જેવી !
વસંત કેવી, મધુરી એવી,
ચેતનની એ દૈવી દેવી.

* * *

## [૧૦૦] વર્ષા

વર્ષા આવી, આજ વર્ષા આવી,
કેવા સજીને સાજ વર્ષા આવી ?
વાદળની વેણીમાં વીજળીનાં ફૂલ ભરી,
ડંકા નિશાનને સાથે લાવી.
... કેવા સજીને.

કેવી પછેડી એણે અંધારી પાથરી,
સૂરજનાં કિરણો શક્યાં ના ફાવી;
તોફાની બાળા શી રમણે ચઢી એ,
આખી અવનીને રહી જાણે તાવી.
... કેવા સજીને.

અંબોડો ખોલીને હસવા લાગી એ,
ધારા પાણીની જુઓ કેવી આવી ?
પંખી પ્રસન્ન થયાં, ડોલી વૃક્ષોય રહ્યાં,
ખેડૂતે કહ્યું જીવાદોરી લાવી.
... કેવા સજીને.

* * *


# [૧૦૧] આઝાદી અમર રહે

આઝાદી અમર રહે !

સુખી બને દેશજનો સઘળા, સૌ આનંદ લહે;
સમૃદ્ધિ ને શાંતિ ભરેલી, ગંગા બધે વહે.
... આઝાદી.

સંપ અને સહકારતણા સૌ, માનવ-મંત્ર કહે;
ભલું કરે સૌ સૌનું કોઈ, મંગલ માત્ર ચહે.
... આઝાદી.

માનવતાની મહેકે વાડી, દાનવ કો' ન રહે;
મંગલના મારગને માનવ, કાયમ કાજ ગ્રહે.
... આઝાદી.



* * *

## [૧૦૨] દેશને વંદન

ઓ દેશ મારા, વંદન તુજને કરું !

સુંદર રૂપ તારું, અનેક સ્વરૂપવાળું, એને સદાય સ્મરું;
નમસ્કાર નેહે એને, ઉપરાઉપરી કરું હું, તીરથ તું છે ખરું,
... ઓ દેશ મારા.

પર્વતો વિશાળ તારા, નદીઓ અનેક એવી, અંજલી એને ધરું;
કુદરતની ક્રીડા કેવી, લોકોની લીલા કેવી, કેમ ના તુજને વરું ?
... ઓ દેશ મારા.

યોગી પુરાતન કોઈ, ઋષિના જેવો ખરે તું, સંસ્કૃતિ કરી તેં શરૂ;
તારા મહિમાને માટે જીવું હંમેશ માટે, મહિમા માટે મરું.
... ઓ દેશ મારા.

શાંતિ દે દુનિયાને તું, શાંતિ આપે છે જેવાં, ઘટાદાર એવાં આ તરું;
સુખી થઈ પાઠ સાચા સુખના આપી રહેજે, આશા હું એટલી કરું,
... ઓ દેશ મારા.

* * *

## [૧૦૩] દરિયાનું પાણી

ખૂબ પાણી, ખૂબ પાણી, દરિયાનું પાણી.
ઝરણાં એની બરાબરી તો કરી શકે શાની ?
નદી હજારો મળે છતાંયે દેખાયે નાની.
... ખૂબ પાણી.

કવિતા કોઈ કહી શકે એ ગાયે છે શાની ?
રાતદિવસ એ કહ્યા કરે છે ગૂઢ કૈંક વાણી;
ચિંતા એને હશે વેદના હૈયામાં છાની.
... ખૂબ પાણી.

મુગ્ધ થાય છે ચાંદલિયાને ઊગેલો જાણી,
જુની એની પ્રીત ખરે છે મોટાએ માની.
વધે ચંદ્ર તો એય વધે છે રંગ ઘણો માણી.
... ખૂબ પાણી.

નદી મળે છે મીઠી એને, જેમ મળે રાણી,
સમજાયે ના છતાંય શાને ખારું છે પાણી.
નાખી નજર પહોંચે ના, શું અનંત છે પાણી?
... ખૂબ પાણી.

* * *

## [૧૦૪] દીવો

નાનો દીવો નાના ઘરને, કેવો તેજ ધરે ?
જુઓ જરી, આ મુંગે મોઢે, સેવા શાંત કરે.
.. નાનો દીવો.

નથી સૂર્યના જેવી શક્તિ તોપણ ભારે એની ભક્તિ;
ચંદ્ર તથા તારલિયાથી યે, મોંઘો આજ ઠરે;
અમાસની અંધારી રાતે, ઘરમાં તેજ ભરે
... નાનો દીવો.

યશ ના કોઈ આપે એને, સન્માને ના મીઠા વેણે;
તો પણ પરવા કરે ન એની, એ અંધાર હરે;
અમાસની અંધારી રાતે, ઘરમાં તેજ ભરે
.. નાનો દીવો.

શાંત થશે સેવા કરતાં એ, બૂઝાશે કોઈ હાથે કે;
એવી રીતે જીવન જો આ ક્યાંયે તેજ ધરે,
ધન્ય થાય તો કોઈને જો એથી પ્રાણ મળે.
... નાનો દીવો.

* * *

## [૧૦૫] તારલિયા

લાખો લોચન, આ લાખો લોચન,
આભે ખોલ્યાં છે આજ લાખો લોચન.

દેખે છે દુનિયાને અંધારી રાતમાં,
ઊભું રહીને જાણે લાખો જોજન.
આભે ખોલ્યાં છે આજ લાખો લોચન.

ઊંઘે બધાંય ત્યારે જાગે છે એક એ,
હોય ના જાણે કોઈ સંકટ મોચન.
આભે ખોલ્યાં છે આજ લાખો લોચન.

તારલિયા લોક કહે એ સૌને નામથી,
દેશનાં લાગે છે મને દૈવી લોચન,
આભે ખોલ્યાં છે આજ લાખો લોચન.



* * *

## [૧૦૯] ગીતડાં ગાઓ

ગીતડાં ગાઓ, હે ભાઈ, ગીતડાં ગાઓ !

ખુલ્લા સાદે તથા ખુલ્લાશા રાગે,
ખુલ્લા હૈયાની સાથે ગીતડાં ગાઓ !
... ગીતડાં.

વેરઝેર મટે જેથી, કટુતાનો અંત હો,
એવાં અનેરાં પ્રેમપાણી પાઓ;
નાસે સૌ સંકટો, ને થાયે આનંદ બધે,
એવાં અનોખાં ગીત આજે ગાઓ !
... ગીતડાં.

અંધકાર મટી જાય, પ્રકટે પ્રકાશ ને,
રસના કુવારા ફૂટે નવલાશા હો;
એવું પ્રભાત હવે પ્રકટાવો ગીતથી,
નવી ઉષા ને નવો સૂરજ લાવો !
... ગીતડાં.


આશા નવી ને નવી પ્રેરણા ભરીને,
લાખો લોકો હૂંફદાતા થાઓ;
એવું ગાઓ કે આખી દુનિયાને હર્ષ હો;
જીવન નવું બધે ફૂંકી જાઓ !
... ગીતડાં.

* * *

**સમાપ્ત**

* * *

## શ્રી યોગેશ્વરજી - એક પરિચય



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, દસ ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

* * *

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas)

**ગદ્યકાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite

**ગીતો** હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) ▪ ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર)

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત

**મહાકાવ્યો** રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪

**પદ્યાનુવાદ** રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન

**પ્રવચનો** અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ

**પ્રસંગો** ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**પ્રવાસ** તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**વાર્તાઓ** રોશની

**નાટક** રામનું હૃદય

*

For more information
On the life & works of
**Shri Yogeshwarji**



Please visit
**www.swargarohan.org**